સુવિચાર

એક મનુષ્ય બીજાના મનની વાત જાણી શકે છે તો માત્ર સહાનુભૂતિથી અને પ્રેમથી, ઉંમર અને બુદ્ધિથી નહીં...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





વયોવૃધ્ધ રાહદારીને કારમાં લીફ્ટ આપી નજર ચૂકવી દાગીના સેરવી લેતી ગેંગ ઝડપાઇ P-4



Year-16, Issue-119 ■ DATE : 28-08-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# રાહુલ ગાંધીની યાત્રા સમયે ૩ આતંકીઓ બિહારમાં ઘૂસ્યા

**નેપાળ સરહદથી બિહારમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ ત્રાસવાદીઓ ઘૂસ્યા હોવાની માહિતી મળતા હાઇએલર્ટ જાહેર કરાયું: બિહાર પોલીસ દ્વારા તસ્વીર અને પાસપોર્ટ સહિતની માહિતી જાહેર કરાઇ**






**મુખ્ય સમાચાર,પટના**

બિહાર પોલીસ મુખ્યાલયે એક મોટું એલર્ટ જારી કર્યું છે. મળતી માહિતી પ્રમાણે, પાકિસ્તાનના આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદીઓ નેપાળ થઈને બિહારમાં પ્રવેશ્યા છે. તેમાં હસનૈન અલી (રાવલપિંડીનો રહેવાસી), આદિલ હુસૈન (ઉમરકોટનો રહેવાસી) અને મોહમ્મદ ઉસ્માન (બહાવલપુરનો રહેવાસી)નો સમાવેશ થાય છે. પોલીસે ત્રણ આતંકવાદીઓના નામ અને તસવીરો જાહેર કરી છે.બિહારમાં ૩ આતંકવાદીઓ ઘુસ્યાબિહાર રાજ્ય પોલીસ મુખ્યાલયે નેપાળ સરહદ દ્વારા બિહારમાં જૈશના ત્રણ આતંકવાદીઓના પ્રવેશ અંગે સરહદી જિલ્લાઓને ચેતવણી આપી છે. સરહદી જિલ્લાના એસપીને એલર્ટ કરવામાં આવ્યા છે. નેપાળ સરહદને અડીને આવેલા વિસ્તારોમાં સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવી રહી છે. પૂર્ણિયા ડીઆઈજી પ્રમોદ કુમાર મંડલે જણાવ્યું હતું કે, રાજ્ય પોલીસ મુખ્યાલયની સૂચનામાં, સરહદી જિલ્લાઓને વધુ સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે.

બિહાર પોલીસે ત્રણેય આતંકવાદીઓના નામ અને તસવીરો જાહેર કરી છે. તેમના પાસપોર્ટ સંબંધિત માહિતી પણ શેર કરવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ આતંકવાદીઓ ઓગસ્ટના બીજા અઠવાડિયામાં કાઠમંડુ પહોંચ્યા હતા અને ત્રીજા અઠવાડિયામાં નેપાળ સરહદથી બિહારમાં પ્રવેશ્યા હતા. એવી શંકા છે કે તેઓ કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા.

જૈશ-એ-મોહમ્મદના આ ત્રણ આતંકવાદીના સ્કેચ જાહેર કર્યા છે. રિપોર્ટ અનુસાર, હસનૈન અલી રાવલપીંડીનો રહેવાસી છે. જ્યારે આદિલ હુસૈન ઉમરકોટ અને મોહમ્મદ ઉસ્માન બહવલપુરના રહેવાસી છે. ત્રણ આતંકીના પાસપોર્ટ સંબંધિત માહિતી પણ રજૂ કરવામાં આવી છે. આ આતંકીઓ ઓગસ્ટના બીજા સપ્તાહમાં કાઠમાંડુ પહોંચ્યા હતા. બાદમાં ત્રીજા સપ્તાહે નેપાળ સરહદ પરથી બિહારમાં ઘૂસ્યા હતા.

બિહારમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાવાની છે. તે પહેલાં આતંકી ગતિવિધિઓને અંજામ આપવાનું ષડયંત્ર હોવાની આશંકા છે. બિહારના ભાગલપુર આસપાસના જિલ્લા અરરિયા, કિશનગંજ, અને સુપૌલ નેપાળની સરહદ પર સ્થિત છે. મધુબની, સીતામઢી, પૂર્વીય ચંપારણ અને પશ્ચિમ ચંપારણ પણ સરહદ પર સ્થિત જિલ્લા છે. આ જિલ્લાઓમાં હાઈ એલર્ટ સાથે સર્ચ ઓપરેશન હાથ ધરાયુ છે.

## ટ્રમ્પના ટેરિફ વચ્ચે વડાપ્રધાન મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે રવિવારે મુલાકાતની શક્યતા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે રવિવારે (૩૧મી ઓગસ્ટ) દ્વિપક્ષીય બેઠક યોજાઈ તેવી શક્યતા છે. આ બેઠક શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન સમિટની બાજુમાં યોજાઈ શકે છે. વડાપ્રધાન મોદી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના આમંત્રણ પર ૩૧મી ઓગસ્ટથી પહેલી સપ્ટેમ્બર દરમિયાન ચીનના તિયાનજિનમાં યોજાનારી એસસીઓ સમિટમાં હાજરી આપી શકે છે.

અહેવાલો અનુસાર, આ બેઠક એવા સમયે યોજાઈ શકે છે, જ્યારે ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ પર તણાવ ઓછો થયો છે. બંને દેશો ડેપસાંગ અને ડેમચોક વિસ્તારમાં પેટ્રોલિંગના અધિકાર પર સંમત થયા છે. બીજી તરફ ટેરિફને લઈને અમેરિકા સાથેના સંબંધો પણ ઘટવા લાગ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે છેલ્લી મુલાકાત ૨૩મી ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ રશિયાના કાઝાનમાં બ્રિક્સ સમિટ દરમિયાન થઈ હતી. વડાપ્રધાન મોદી છેલ્લે ૨૦૧૮માં ચીનની મુલાકાતે ગયા હતા.

ઉલ્લેખનીય છે કે, મે ૨૦૨૦માં પૂર્વી લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીની ઘૂસણખોરી બાદ શરૂ થયેલા લશ્કરી અવરોધ બાદ ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી સંબંધોમાં ખટાશ આવી હતી. ત્યારથી બંને દેશોએ સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. માનસરોવર યાત્રા ફરી શરૂ કરવામાં આવી છે. ચીની પ્રવાસીઓને વિઝા આપવામાં આવી રહ્યા છે અને સીધી ફ્લાઇટ્સ ફરી શરૂ કરવા માટે વિચારણા કરવામાં આવી રહી છે.

## અમેરિકન ટેરીફ સામે બાથ ભીડવા ભારત ૪૦ દેશો સાથે વેપાર વધારશે

**વસ્ત્રોની નિકાસ વધારવા યુકે, જાપાન, સાઉથ કોરીયા, જર્મની, ફ્રાન્સ, નેધરલેન્ડ સહિતના ૪૦ દેશો સાથે સંપર્ક કાર્યક્રમની યોજના બનાવાઈ**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકામાં ભારતીય ઉત્પાદનો પર બુધવારથી ૫૦ ટકા ટેરીફ લાગુ થઈ ગયો છે અને આ ટેરિફનાં વારનો સામનો કરવા માટે ભારતે કમર કસી લીધી છે.એવુ બહાર આવ્યું છે કે ભારતે વ્યાપારીક ભાગીદારીવાળા ૪૦ દેશોની ઓળખ કરી છે જેમની સાથે વેપાર વધારી શકાય છે.

ભારત પર ટેરિફને લઈને અમેરિકામાં પણ ચિંતા વધવા લાગી છે. બેન્ક ઓફ અમેરિકાએ વધતી મોંઘવારી રોજગારનાં મોરચા પર ચેતવણી આપી છે. અમેરિકી ટેરિફની અસર ઘટાડવાનાં વિકલ્પો પર બુધવારે વાણિજય મંત્રાલયમાં બેઠક મળી હતી.

જેમાં ઉચ્ચ દરજજાનાં અધિકારીઓ સહિત નિકાસ સંવર્ધન પરિષદોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બેઠકમાં ચર્ચા થઈ હતી કે કેવી રીતે ભારત ટેરિફથી થનારા નુકશાનની ભરપાઈ કરી શકશે. આ દરમ્યાન પ્રતિનિધિઓએ સૂચન કર્યું કે ભારતને તેના બજારોની ખોજ કરવી પડશે અને ત્યાં સુધી આપણા ઉત્પાદનોની સુલચી પહોંચ નિશ્ચિત કરવી પડશે.

વસ્ત્રની નિકાસ વધારવા માટે ૪૦ દેશોમાં સંપર્ક કાર્યક્રમ ચલાવવાની યોજના બનાવવામાં આવી છે. આ ૪૦ દેશ ૫૯૦ અબજ ડોલરના વૈશ્વિક વસ્ત્ર તેમજ પરિધાન આયાત કરે છે. તેમાં ભારતની ભાગીદારી માત્ર ૫-૬ ટકા છે. આ સ્થિતિમાં આ દેશોમાં નિકાસ વધારવાની સંભાવના શોધવામાં આવી શકે છે.

અમેરિકાએ લાદેલા ૫૦ ટકા ટેરિફથી દેશની આર્થિક દરની ગતિ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ની પ્રથમ ત્રિમાસીકમાં થોડી ધીમી પડી શકે છે અને તે ૬.૭ ટકા પર રહેવાનું અનુમાન છે. સર્વેક્ષણમાં સામેલ દેશના ૨૨ અર્થશાસ્ત્રીઓએ આ સંભાવના દર્શાવી છે. જાન્યુઆરી-માર્ચની ગત ત્રિમાસીકમાં વૃધ્ધિ દર ૭.૪ ટકા હતી અમેરિકી ટેરિફની અસર પણ દેખાઈ શકે છે.જીડીપીના આંકડા મુજબ ગુરૂવારે જાહેર કરાશે.

સર્વે મુજબ પ્રથમ ત્રિમાસીકમાં વૃધ્ધિ દરનું સુસ્ત પડવાનું મુખ્ય કારણ શહેરી માંગમાં કમજોરી પ્રાઈવેટ મૂડી રોકાણમાં સુસ્તી અને ઔદ્યોગીક ગતિવિધીઓમાં મંદી રહી હતી. અર્થશાસ્ત્રીઓએ પ્રથમ ત્રિમાસીક માટે જીડીપી વૃધ્ધિનું અનુમાન ૬.૨ ટકાથી ૭.૦ વચ્ચે કરાયું છે,. સરેરાશ અનુમાન ૬.૭ ટકાનું ચે. ડીબીએસ બેન્ક અનુસાર સરકારી ખર્ચમાં તેજીથી અર્થ વ્યવસ્થાને સહારો મળ્યો પણ ઔદ્યોગીક ઉત્પાદનની સુસ્તીએ શહેરી માંગને અસર કરી. આ પહેલા રિસર્ચ અને આરબીઆઈએ ટેરિફનું આકલન કરતાં પ્રથમ ત્રિમાસીક વૃધ્ધિ દરના ૬.૬ થી ૭.૦ ટકા વચ્ચે રહેવાનું અનુમાન વ્યકત કર્યું છે.

## ભારતીય સીમાથી ઘુસણખોરીનો પ્રયાસ કરી રહેલા બે આંતકી ઠાર મરાયા



**મુખ્ય સમાચાર, શ્રીનગર**

બાંદીપોરા જિલ્લાના ગુરેજ સેકટરમાં આજે સવારે ભારતીય સેનાએ બે આતંકીઓને ઠાર કર્યા હતા. બન્ને આતંકીઓ ભારતીય સીમાથી ઘુસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. સેનાના ચિનાર કોટસે એકસ પર પોસ્ટ કરી હતી કે જમ્મુ-કાશ્મીર પોલીસને મળેલી ગુપ્તચર જાણકારીના આધારે સેના અને જમ્મુ-પોલીસે અભિયાન ચલાવીને ઘુસણખોરી કરતા બે આતંકીઓને ઠાર કરી દીધા હતા.

સેનાએ જણાવ્યું હતું કે સતર્ક સૈનિકોએ શંકાસ્પદ ગતિવિધિ જોઈ અને ઘુસણખોરોને પડકાર આપ્યો ત્યાર બાદ આતંકીઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો ત્યારબાદ સેનાએ જવાબી કાર્યવાહી કરી હતી. જેમાં બે આતંકી ઠાર થયા હતા. આતંકીઓ વિરૂધ્ધ હજુ પણ ઓપરેશન ચાલુ છે.

અહીં એક શંકાસ્પદ આતંકી શાકીબ ગની પકડાયો હતો. તેની પાસેથી એક પિસ્તોલ અને ૯ ગોળીઓ જપ્ત થઈ છે. ઉલ્લેખનીય છે કે ગની ગત વર્ષે ટીઆરએફમાં સામેલ થયો હતો. સીઆરએફ કેમ્પ પર ગ્રેનેડ ફેંકવાના મામલામાં વોન્ટેડ હતો.

## ભારતમાં દર ૩માંથી ૧ વિદ્યાર્થી શાળા જવા ઉપરાંત ખાનગી ટ્યુશનમાં કોચીંગ લે છે

**કેન્દ્ર સરકારનાં દેશવ્યાપી સર્વેમાં શિક્ષણ તથા ખર્ચના ચોંકાવનારા તારણો**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શિક્ષણ ક્ષેત્રમાં વધતા ખાનગીકરણ તથા સરકારી શિક્ષણમાં અવદશા વચ્ચે ભારતમાં દર ૩ માંથી ૧ વિદ્યાર્થી સ્કુલ જવા ઉપરાંત ખાનગી ટયુશન લેતો હોવાનું જાહેર થયું છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં આ ટ્રેન્ડ વધુ છે.

કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા કોમ્પ્રિહેન્સીવ મોડયુલર સર્વે રિપોર્ટમાં આ ખુલાસો થયો છે.એવા પણ તારણ નિકળ્યા છે કે ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગે શિક્ષણ સરકારી શાળા પર જ કેન્દ્રીત છે. જયારે શહેરી વિસ્તારોમાં ખાનગી સ્કુલ તથા ખાનગી ટયુશનનો ટ્રેન્ડ છે.

કેન્દ્ર સરકારનાં સ્ટેટેસ્ટીક તથા યોજના અમલીકરણ મંત્રાલય દ્વારા કરાવાયેલા આ રાષ્ટ્રવ્યાપી સર્વેમાં દેશભરમાંથી ૫૨૦૦૦ થી વધુ પરિવારો તથા ૫૮૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. શિક્ષણ પાછળ થતા ખર્ચની બાબત પણ ચકાસવામાં આવી હતી.

રાષ્ટ્રીય સ્તરે સરકારી સ્કુલોની જ બોલબાલા હોય તેમ ૫૫.૯૦ ટકા વિદ્યાર્થીઓ સરકારી શાળામાં જ નોંધાયેલા છે. મોટાભાગે ગામડાના આ વિદ્યાર્થી હોય છે. શહેરી વિસ્તારોમાં માત્ર ૩૦.૧ ટકા વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં ભણવા જાય છે. બાકીના અંદાજીત ૭૦ ટકા ખાનગી શાળાઓમાં જ અભ્યાસ કરે છે. દેશ લેવલે ત્રીજા ભાગનાં વિદ્યાર્થીઓ ખાનગી સ્કુલોમાં અભ્યાસ કરતાં હોવા છતાં શહેરી ક્ષેત્રોમાં પ્રમાણ ઘણુ વધુ છે. શહેરોમાં પરિવારોની આવક તથા ઉંચી કેરિયરનાં સપનાથી આ ટ્રેન્ડ છે.

ખાનગી શિક્ષણ મેળવવા પાછળનો આર્થિક બોજ મોટો છે. સરકારી સ્કુલમાં અભ્યાસ કરતાં બાળક પાછળ વિદ્યાર્થીને સરેરાશ વાર્ષિક રૂા.૨૮૬૩ નો ખર્ચ થાય છે. જયારે બિન સરકારી-ખાનગી સ્કુલમાં ભણાવવા પાછળ સરેરાશ રૂા.૨૫૦૦ નો ખર્ચ કરવો પડે છે. સરકારી સ્કુલોમાં માત્ર ચોથાભાગના વિદ્યાર્થીને કોર્ષ ફીચુકવવી પડતી હોય છે. ખાનગી સ્કુલોમાં ૯૮ ટકા વિદ્યાર્થીઓને આ ફી ભરવી પડે છે.

ગામડા તથા શહેરી ક્ષેત્રનાં અભ્યાસ ખર્ચમાં પણ મોટો તફાવત છે કોર્ષ ફી, યુનિફોર્મ, ચોપડા વગેરે પાછળ ગ્રામ્ય ક્ષેત્રમાં ૩૯૭૯ ના ખર્ચ સામે શહેરોમાં ૧૫૧૪૩ નો ખર્ચ થાય છે. આ સિવાય ખાનગી સ્કુલોમાં ભણતા વિદ્યાર્થીઓ પર વધારાના ટયુશનનો પણ બોજ પડે છે. ચાલુ વર્ષમાં ૨૭ ટકા વિદ્યાર્થીઓ ખાનગી ટયુશન લેતા હોવાનું તારણ નિકળ્યુ હતું. શહેરી વિસ્તારમાં તે ૩૦.૭ ટકા તથા ગામડાઓમાં ૨૫.૫ ટકાનું પ્રમાણ છે.

## તીસરી આંખ તમારી સુરક્ષાને બદલે જાસૂસ પણ બની શકે છે

**ગોરખપુર અપહરણ કાંડમાં આરોપીની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો**



**મુખ્ય સમાચાર, ગોરખપુર**


આપે આપના ઘર કે દુકાનની સુરક્ષા માટે સીસીટીવી કેમેરો લગાવ્યો હશે પરંતુ આ કેમેરો આપની સુરક્ષાનો પહેરેદાર છે કે જાસુસ બની ગયો છે તે તપાસવું જરૂરી બની ગયું છે. ગોરખપુરના અશોક અપહરણ કાંડમાં આ ખતરો બહાર આવ્યો છે.

પેલીસની તપાસમાં બહાર આવ્યું હતું કે અપહરણકર્તાઓને અશોકની દરેક ગતિવીધીની જાણકારી મળી રહી હતી. તેનું કારણ હતું કેમેરાનું અનધિકૃત એકસેસ. આરોપી પ્રદીપ સોનીએ સીસીટીવી કેમેરાનો પાસવર્ડ અને લિંક અપરાધીઓને આપી દીધી હતી. જેનાથી અશોકના ઘેર આવન-જાવનની દરેક તસ્વીરો સીધી અપરાધીઓના સ્ક્રીન પર લાઇવ ચાલતી હતી.

પ્રદિપ સોની ન માત્ર વેપારી સહયોગી હતો બલકે અશોક જયસ્વાલના ઘર અને હોસ્પિટલમાં લાગેલા સીસીટીવી કેમેરા સુધી તેની પહોંચ હતી. તેણે જ રીમોટ એકસેસ પાસવર્ડ અપહરણ કરનાર ગેંગને આપી દીધી હતી. એટલેઢકે જે મિત્રને ભરોસામાં કેમેરાનો એકસેસ અશોકે આપેલો તે જ અપરાધીઓનો ડીજીટલ બાતમીદાર બની ગયો હતો.

આ મામલાએ સ્પષ્ટ કર્યુ છે કે ખતરાની અસલી જડ આપણી લાપરવાહી છે. લોકો કેમેરા ઈન્સ્ટોલેશન બાદ ડીફોલ્ટ પાસવર્ડ બદલવો જરૂરી નથી સમજતા. નબળું સિકયોરીટી સેટીંગ અને ઈન્ટરનેટ સાથે જોડાયેલ નેટવર્ક કોઇપણના માટે પણ સીસીટીવી કેમેરા સુધીની પહોંચને સરળ બનાવી દે છે. ઘણીવાર પાસવર્ડ નજીકના લોકો જ જાણી જાય છે. અને આ જાણકારી અપરાધીની ચાવી બની જાય છે. સાઇબર નિષ્ણાંતો કહે છે સમયાંતરે પાસવર્ડ બદલી નવો નાખવો જોઇએ.

## વિરારમાં ચાર માળની બિલ્ડિંગ ધરાશાયી થતા ૧૪ના મોત



**મુખ્ય સમાચાર, મુંબઇ**


મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વિરારમાં એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. બુધવારે સવારે આશરે ૧૨૦૫ વાગ્યે રામાબાઈ એપાર્ટમેન્ટ નામની એક ચાર માળની ઇમારતનો એક ભાગ અચાનક ધરાશાયી થઈ ગયો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૪ લોકોના મોત થયા છે, જેમાં એક માતા-પુત્રીની પણ સમાવેશ થાય છે. એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, જ્યારે બે લોકોને સુરક્ષિત રીતે કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે.

દુર્ઘટનાના ૨૪ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં બચાવ અને રાહત કાર્ય પુરજોશમાં ચાલુ છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની બે ટીમો ઘટનાસ્થળે રાહત કાર્યમાં લાગેલી છે. પાલઘરના જિલ્લા કલેક્ટર ઈન્દુ રાની જાખડના જણાવ્યા અનુસાર કાટમાળમાં હજુ પણ વધુ લોકો ફસાયેલા હોવાની આશંકા છે. અત્યાર સુધીમાં કુલ ૧૭ લોકોની ઓળખ થઈ છે જેમાં ૧૪ મૃત્યુ, ૧ ઘાયલ અને ૨ સુરક્ષિત લોકોનો સમાવેશ થાય છે.

શરૂઆતમાં સાંકડા વિસ્તારને કારણે ભારે મશીનો ઘટના સ્થળે પહોંચી શકતી ન હોવાથી કાટમાળ હટાવવાનું કામ હાથોથી કરવું પડ્યું હતું. હવે મશીનોની મદદથી કાટમાળ હટાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી વિવેકાનંદ કદમે જણાવ્યું કે, જે ઝૂંપડપટ્ટી (ચોલ) પર ઈમારતનો ભાગ પડ્યો હતો તે ખાલી હતી, જેના કારણે મોટું નુકસાન ટળી ગયું.

આ ઈમારત ૨૦૧૨માં બનાવવામાં આવી હતી, પરંતુ તે સંપૂર્ણપણે ગેરકાનૂની હતી અને વસઈ-વિરાર નગર નિગમની મંજૂરી વિના તે બનાવાઈ હતી. આ રામાબાઈ એપાર્ટમેન્ટમાં કુલ ૫૦ ફ્લેટ હતા, જેમાંથી ૧૨ ફ્લેટ તે ભાગમાં હતા જે તૂટી પડ્યો હતો. ઈમારત ધરાશાયી થયા બાદ પોલીસ દ્વારા બિલ્ડરની અટકાયત કરવામાં આવી છે. આ કાર્યવાહી ની ફરિયાદ પર કરવામાં આવી હતી.

# જામનગર જીલ્લામાં વાહન ચેકીંગના મામલે પોલીસની નાઈટ ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ: ૨૮૨ વાહન ચાલકો દંડાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે, અને ગુનાખોરી અટકે તે માટે જામનગર જીલ્લાના નવનિયુકત પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની દ્વારા ગઈકાલે રાતે જીલ્લા ના તમામ પોલીસ મથક ને નાઈટ ટ્રાફિક ડ્રાઈવ નો આદેશ આપવામાં આવ્યો હતો.

જેના અનુસંધાને સમગ્ર જિલ્લાભરના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ અને પોલીસ સ્ટાફ દ્વારા વિશેષ ટ્રાફિક દ્રાઈવ રાખવામાં આવી હતી.

જેમાં વાહન ચાલકોના લાયસન્સ સહિતના કાગળોનું ચેકીંગ તેમજ ફોર-વ્હીલોમાં બ્લેક કાચ હટાવવા, બાઈકમાં ત્રિપલ સવારી, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી, ધુમ સ્ટાઈલથી બાઈક ચલાવવી, ડ્રીંક એન્ડ ડ્રાઈવ તથા રોમિયોગીરી કરતા વાહન ચાલકો અને ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં જીપી એક્ટ કલમ ૧૩૫ ના ૨૮ કેસ, એમવી એક્ટ કલમ- ૧૮૫ ના ૧૨, નંબર પ્લેટ વગરના ૧૧૬ કેસ, ફેન્સી નંબર પ્લેટ ના ૪૭ સહીત કુલ ૨૮૨ વાહન ચાલકો સામે દંડકીય કાર્યવાહી કરવામાં આવી હતી.

# ચંગા પાટીયા પાસેથી મોટરમાં લઈ જવાતો ૫૦૦ લીટર દેશી દારૂ કબજે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર-લાલપુર રોડ પર ચંગા પાસેથી પોલીસે એક મોટરમાં લઈ જવાતો ૫૦૦ લીટર દેશી દારૂ કબજે કર્યો છે. ઝડપાયેલા શખ્સે બે સાગરિતના નામ આપ્યા છે. મોટર સહિત રૂ.૮ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.જામનગર-લાલપુર ધોરીમાર્ગ પર પંચકોશી બી ડિવિઝન પોલીસ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગ દરમિયાન એક મોટરમાં દેશી દારૂનો મોટો જથ્થો લઈ જવામાં આવતો હોવાની બાતમી મળતા



પોલીસે વોચ રાખી હતી.તે દરમિયાન ચંગા ગામના પાટીયા પાસે એક ઈન્ડસ્ટ્રીયલ પાર્ક નજીકથી પસાર થયેલી જીજે-૧૨-ડીએમ ૧૨૬૧ નંબરની બ્રીઝા મોટરને રોકી લેવામાં આવી હતી. તે મોટરની તલાશી લેવાતા તેમાંથી ૫૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે આ જથ્થા સાથે બેડેશ્વરમાં એકડેએક બાપુની દરગાહ પાસે રહેતા હમીર ઉર્ફે વિજય લખધીરભાઈ કરમટાની ધરપકડ કરી છે.

આ શખ્સે પોતાના સાગરિત જીતેન્દ્ર મનસુખભાઈ વિઠ્ઠલાણી અને પોરબંદરના બિલેશ્વરના ભીમા કારા મુછાળનું નામ આપ્યું છે. પોલીસે મોટર, દારૂ, મોબાઈલ મળી રૂ.૮૦૫૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# મોરબીમાં છોકરી ભગાડવા મામલે સમાધાન કરવાનો ઈનકાર કરતાં યુવકનું ઢીમ ઢાળી દીધું

### બે માસ પૂર્વેના ઝઘડાનો લોહિયાળ અંજામ: છ શખ્સો ધારીયા અને છરી લઈ પોતાના જ કુટુંબી યુવક પર તૂટી પડયા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વાવડી ચોકડી નજીક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં છોકરી ભગાડી લાવેલા કૌટુંબિક સગાએ પોતાનું સમાધાન કરાવી દેવાનું કહી કરેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. કૌટુંબિક સભ્યો વચ્ચેના આ ડખ્ખામાં હુમલાખોરોએ પારીવા અને છરી વડે યુવાનની હત્યા કરી નાખી હતી સાથે જ યુવાનના પિતાને પણ ઢોર માર માર્યો હતો.

મોરબી શહેરમાં વાવડી ચોકડીથી નવલખી ફાટક જવાના બિજ વચ્ચે આવતી ઝૂંપડપટ્ટીમાં આરોપી ચકુ નામનો શખ્સ બે મહિના અગાઉ પોતાની જ જ્ઞાતિની છોકરી ઉઠાવી લાવ્યો હોય રમેશભાઈ ગાભાભાઈ દેવીપૂજક ઉ.૨૨ અને તેના પિતા ગાભાભાઈ જીવાભાઈ દેવીપૂજકને સમાધાન કરાવી આપવા કહ્યું હતું. બીજી તરફ રમેશભાઈ અને તેના પિતાએ છોકરી બાબતના ઝઘડામાં સમાધાન કરાવવાની ના પાડી તારો મામલો છે નું જાણ તેમ કહેતા આરોપી ચકુ સહિતના છ શખસો પારીયા અને છરી લઈ પોતાના જ કુટુંબી એવા રમેશભાઈ અને ગાભાભાઈ ઉપર તૂટી પડતા રમેશભાઈ દેવીપૂજક નામના યુવાનનું મૃત્યુ થયુ હતું. જ્યારે ગાભાભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

કુટુંબના સભ્યો વચ્ચે અંદરો અંદર થયેલા ઝઘડાએ ઉભ સ્વરૂપ ધારણ કરતા મામલો હત્યા સુધી પહોંચ્યો હતો. ગંભીર બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે હુમલાખોર છ જેટલા આરોપીઓ વિરુદ્ધ હત્યા અંગે ગુન્હો નોંધવા તજવીજ શરૂ કરી હોવાનું એ ડિવિઝન પીઆઈ રાકેશ પટેલે જણાવ્યું હતું.

# તળાજા પંથકમાં બહેન પર સગાભાઈનું દુષ્કર્મ

### છરીની અણીએ કૃત્ય: ડામ પણ દીધા, તળાજા પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ મથકમાં દુષ્કર્મ ની ફરિયાદ નોંધાઈ છે.ફરિયાદી પુખ્ત વયની બહેને પોતાના સગા મોટાભાઈ વિરુદ્ધ એક માસ દરમિયાન બે વખત ઘરે એકલતાનો લાભ લઈ ને બળ જબરી પૂર્વક છરી ની અણીએ દુષ્કર્મ આચર્યું હતું.

આરોપી એ પોતાની સગી બહેન ને વક્ષ સ્થળે સિગારેટ ના અનેક ડામ પણ દીધાહતા.હળાહળ કળિયુગ જેવા બનાવ ની વિગત એવી છે કે ત્રેવીસ વર્ષીય યુવતી ગત ૭ મા મહિના અને ચાલુ ૮ મા મહિનામાં બે વખત દિવસ દરમિયાન ઘરે કોઈજ ન હોય તેનો ભાઈએ લાભ ઉઠાવ્યો હતો. ભાઈના મનમાં એવો હવસ નો કીડો સળગ્યો કે બહેન ને પેટના ભાગે છરી ની અણી રાખી ને દુષ્કર્મ આચર્યું હતું.એટલુંજ નહી સગી બહેન સાથે શારીરિક સબંધ બાંધવા ની સાથે અનેક વખત સાથળ ના ભાગે બીડી ના ડામ પણ આપ્યું હતા જે તપાસ અને પુરાવાના ભાગ રૂપે પોલીસ સામે આવ્યું હતું.

બહેન ને હવસ નો શિકાર બનાવનાર ભાઈ ૨૬ વર્ષ નો છે.પરણિત છે ને એક સંતાન નો પિતા છે.પીડિતા પુખ્ત હોય પો.સ.ઇ ખાંભલાએ આરોપી ની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છેકે યુવતી સાથે ફરિયાદ કરવા પરિવાર જનો પોલીસ મથકે દોડી આવ્યા હતા.

# ભાવનગર રોડ પર પટેલવાડી પાસે વૃધ્ધાના ગળામાંથી સોનાના ચેઇનની ચીલ ઝડપ કરનાર સમડી ઝબ્બે





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે પટેલ સમાજની વાડી પાસે વૃધ્ધાના ગળામાંથી સોનાના ચેઇનની ચીલઝડપનો બનાવ બન્યા બાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ચુનારાવાડ અને થોરાળા મેઇન રોડ પર કુબલીયાપરામાં રહેતી સમડીને દબોચી લઇ રૂ.૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ શહેરમાં ચોરી અને ચીલઝડપના બનાવો અટકાવવા ઉચ્ચ અધિકારીની મળેલી સુચનાના પગલે ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ એ.એન.પરમાર અને એસ.વી.ચુડાસમાની સુચનાથી હેડ કોન્સ. કૃષ્ણદેવસિંહ, હરસુખભાઇ, કિશનભાઇ અને કોન્સ. મહાવિરસિંહ જાડેજા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ચુનારાવાડ શેરી નં.૧માં રહેતો વિશાલ કિશન સોલંકી અને થોરાળા મેઇન રોડ પર બાવાજીના સ્મશાન સામે કુબલીયાપરા ઝુપડપટ્ટીમાં રહેતો ચીના હરી જાડેજા નામના બે શખ્સોને દબોચી લઇ આકરી પુછપરછ કરતા બન્નેએ કબુલાત આપી હતી કે, થોડા દિવસ પહેલા ભાવનગર રોડ પર પટેલ સમાજની વાડી પાસે એક વૃધ્ધાના ગળામાંથી રૂ.૭૮ હજારની કિંમતના સોનાના ચેઇનની ચીલઝડપ કરી હતી. પોલીસે એક્ટિવા, એક મોબાઇલ મળી કુલ રૂ.૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં વાહન ચોર ઝડપાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બે આસામીના નવ દિવસમાં બે સ્કૂટર ચોરાઈ ગયા હતા. તેની તપાસમાં પોલીસે સાયોના શેરી નજીક શિવનગરમાં રહેતા એક શખ્સને પકડી લઈ પૂછપરછ કરતા ઉપરોક્ત બે વાહન સહિત છ વાહન મળી આવ્યા છે. પોલીસે આરોપીની પૂછપરછ હાથ ધરી છે.જામનગરના વુલન મીલ રોડ પર ગાયત્રીનગરમાં રહેતા વજશીભાઈ પરબતભાઈ વરૂ નામના આસામીએ ગયા બેડી રીંગરોડ પર કેટરર્સના એક ગોડાઉનની બહાર પોતાનું જીજે-૧૦-ઈબી ૯૫૬૮ નંબરનું જ્યુપીટર સ્કૂટર મુક્યું હતું. ત્યાંથી બે કલાકમાં રૂ.૫૦ હજારનું આ વાહન ચોરાઈ ગયું હતું. જ્યારે અયોધ્યાનગરમાં રહેતા ચેતનભાઈ ધીરૂભાઈ તાળાનું જીજે-૧૦-બીએલ ૩૬૩૧ નંબરનું સ્કૂટર ગઈ તા.૧૨ની રાત્રે ઉપડી ગયું હતું.આ બાબતની કરાઈ રહેલી તપાસ દરમિયાન સિટી સી ડિવિઝનના સ્ટાફને મળેલી બાતમીના આધારે ગોકુલનગર સોમનાથ સોસાયટી પાસેથી વિશાલ રાજુ ચાવડા નામના શખ્સને દબોચી લેવાયો હતો. તેની પાસેથી રૂ.૭૫ હજારના ઉપરોકત બે વાહન ઉપરાંત જીજે-૩૭-એન ૫૦૬૯ નંબરનું એકસેસ, જીજે-૧૦-ડીબી ૩૧૧૬ નંબરનું સાઈન, જીજે-૧૮-કયુ ૫૧૭૫ નંબરનું સ્પ્લેન્ડર તથા એક એક્ટિવા મળી આવ્યા છે. પોલીસે છએય વાહન કબજે કરી વિશાલ ચાવડાની ધરપકડ કરી છે.

# બંધ મકાનમાંથી મળી આવ્યો મહિલાનો ગળાફાંસો ખાધેલો મૃતદેહ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નવાગામ ઘેડ સ્થિત મધુરમ સોસાયટીમાં ત્રણેક દિવસથી બંધ પડેલા એક મકાનમાંથી મહિલાનો ગળાફાંસો ખાધેલો મૃતદેહ મળી આવ્યો છે. મૃતદેહની દુર્ગંધ પ્રસરતા પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલી મધુરમ સોસાયટીમાં બંધ શેરીના કેટલાક ટેનામેન્ટમાંથી બંધ રહેલા એક ટેનામેન્ટમાં દુર્ગંધ આવતી હોવાની કોઈએ પોલીસને જાણ કરતા સિટી બી ડિવિઝનનો પોલીસ કાફલો દોડી ગયો હતો.તે બંધ ટેનામેન્ટ ખોલાવીને જોતા અંદરથી એક મહિલા છતમાં લટકતા જોવા મળ્યા હતા. પોલીસે તે મહિલાને નીચે ઉતારી ચકાસતા તેઓ મૃત્યુ પામેલા જણાઈ આવ્યા હતા. અંદાજે ત્રણેક દિવસથી આ ટેનામેન્ટનું બારણું બંધ હતું. પોલીસે બારણું તોડાવવું પડ્યું હતું. પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડી મહિલાની ઓળખ મેળવવા તેમજ તેણીની આત્મહત્યાનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે. મૃતક મહિલાનું નામ ભૂમિબેન મકવાણા હોવાનું જાણવા મળ્યું છે.

# ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઓમનગર સર્કલ પાસે કારમાં દારૂની મહેફીલ માણતા ત્રણ ઝબ્બે





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલા, એએસઆઇ રાજેશભાઇ, હેડ કોન્સ. રાહુલભાઇ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઓમનગર સર્કલ પાસે બાલાજી કાર કન્સલ્ટકન્સીની સામે કારમાં અજાણ્યા શખ્સો ભેદી પ્રવૃતિ કરી રહ્યા હોવાની હકિકતના આધારે ઉપરોકત સ્થળે ટીમ દોડી જતા ફોરવ્હીલ ગાડી નંબર જીજે૧૩સીબી૭૪૬૩માં વિક્રમ માંડણ ખુંટી (રહે. મેટોડા જીઆઇડીસી, વિરાટ રેસીડેન્સી), બાબુ કાળુ પરમાર (મેટોડા, મીતનગર) અને અલ્પેશ રમેશ તાળા (રહે. કોઠારીયા મેઇન રોડ, સુભાષનગર) નામના ત્રણ શખ્સો કારમાં દારૂની મહેફીલ માણતા હોય પોલીસે દારૂની અડધી બોટલ અને કાર સહિત રૂ.૨.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## જેતપુર પાસે છાપરાવાડી-૨ ડેમ ૭૦ ટકા ભરાઈ જતા હેઠવાસના ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવા સુચના

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકા પાસે આવેલ છાપરાવાડી-૨ ડેમ હાલની પરિસ્થિતિ એ ૭૦ ટકા જેટલો ભરાઈ ચૂક્યો છે, તેમજ પાણીની આવક ચાલુ છે. ડેમ પૂર્ણ કક્ષાએ ભરાઈ જવાની સ્થિતિમાં રૂલ લેવલ જાળવી રાખવા માટે પાણી છોડવામાં આવે તે સ્થિતિમાં હેઠવાસના લુણાગરા સહિતના અસરગ્રસ્ત ગામોના ગ્રામજનોએ નદીના પટમાં અવરજવર ન કરવા તેમજ સલામત સ્થળે ખસી જવા ફ્લડ કંટ્રોલ રૂમની યાદીમાં જણાવાયું છે.


# રાજકોટ શહેર પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પ્રતાપસિંહ મોયાનો આજે જન્મદિવસ



રાજકોટ શહેર પોલીસ બેડામાં ૨૬ વર્ષથી પ્ર.નગર ડી સ્ટાફ, તાલુકા, થોરાળા, ગાંધીગ્રામ ડિસ્ટાફ અને ક્રાઈમ બ્રાન્ચ અને એસીપી ક્રાઈમ સહિતની જગ્યાઓ પર અનેક પ્રશંસનીય કામગીરી બજાવી ચુકેલા હાલ યુનિવર્સિટી ડી સ્ટાફમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પ્રતાપસિંહ મોયાનો આજે જન્મદિવસ છે. આજે તેમણા જન્મદિવસે પોલીસ તંત્રના અધિકારીઓ તેમજ સ્ટાફે લાખેણી શુભેચ્છા પાઠવી છે.

# નન્હી પરી ક્રીવાનો આજે જન્મદિવસ

રાજકોટમાં નવા થોરાળા વિસ્તારમાં રહેતા હરેશભાઇ વાઘેલાની પુત્રી ક્રીવાનો આજે પ્રથમ જન્મદિવસ છે. આજે તેના જન્મદિવસ નિમિત્તે દાદા જીવરાજભાઇ, દાદી ગીતાબેન, માતા આરતીબેન, પિતા હરેશભાઇ, કાકા પ્રકાશભાઇ, ફઇબા દક્ષાબેન સહિતના પરિવારજનો તરફથી લાખેણી શુભકામનાઓ મળી છે. આજે તેના જન્મદિવસ નિમિતે મો.૯૧૦૬૪ ૯૯૭૧૪ પર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.



# ગણેશજી કથાકાર અને દેવી-દેવતાઓ શ્રોતા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર બેડીગેઈટના કડીયાવાડમાં અનોખી થીમ સાથે ગણેશોત્સવ.ધર્મ મિત્ર મંડળ દ્વારા અદ્ભુત અને આકર્ષક નેચરલ થીમ હેઠળ ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. આ ગ્રુપ દ્વારા ૨૪ વર્ષથી અહીં ગણેશ ઉત્સવ ઉજવાય છે. જેમાં દૂર-દૂરથી નગરજનો દર્શનાર્થે ઉમટી રહ્યા છે. એક અનોખી થીમ જેમાં ભગવાન ગણેશજી કથાકાર તરીકે.બીરાજમાન છે અને તમામ ભગવાન આ કથાનું શ્રવણ કરી રહ્યા હોય તેવું દશ્યમાન થઈ રહ્યું છે. ગણેશજીના દર્શન દિવસે પણ અદ્ભુત અને આકર્ષક દેખાય છે, જ્યારે રાત્રિના રોશનીની ઝગમગાટ વચ્ચે ગણપતિબાપ્પાની આભા કાંઈક ઓર ઝળઝળાટથી ઝગમગી ઊઠે છે.

# જામનગરમાં નશાકારક ચોકલેટનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં નશીલા પદાર્થોના વેચાણ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈનીની સૂચના અનુસાર એસઓજી પોલીસે પડાણા ગામમાં દરોડો પાડ્યો હતો.બાતમીના આધારે એસઓજી સ્ટાફે ન્યુ પડાણામાં મટીરીયલ ગેઈટ પાસે આવેલી મહાવિર હોટલમાં તપાસ કરી. હોટલના માલિક સુરેશભાઈ જીવરાજભાઈ હરીયાની દુકાનમાંથી નશાકારક ચોકલેટનો જથ્થો મળી આવ્યો.પોલીસે તરંગ વિજ્યાવટી નામની ૧૫૧૦ ચોકલેટ અને તરંગ મદન મોદક વટીની ૩૩૫ ચોકલેટ જપ્ત કરી. આ બંને આયુર્વેદિક ઔષધિ તરીકે વેચાતી ચોકલેટનો કુલ મુદ્દામાલ ૧૮૪૫ રૂપિયાનો છે.આ મામલે મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.



બી.એન.ચૌધરી, એસ.પી.ગોહિલ, એલ.એમ.ઝેર અને એ.વી.ખેરના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી. યુવાધનને નશાના રવાડે ચડતું અટકાવવા પોલીસ દ્વારા આવી કાર્યવાહી ચાલુ રહેશે.

# દુકાનમાં બેઠેલા વેપારીનું હૃદયરોગના હુમલાથી મોત

### આધેડને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા પણ જીવ ન બચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી પ્લોટ પાસે ન્યુ ગોપાલનગરમાં રહેતા અને લોધાવાડ ચોકમાં બોરવેલની દુકાન ચલાવતા વેપારી આધેડ સાંજે દુકાને હતા ત્યારે એકાએક તેમની તબીયત બગડતા બેભાન થઇ ઢળી પડયા હતાં. જેથી તેમને હોસ્પિટલ ખસેડાતા અહીં ફરજ પરના તબીબે જોઇ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતાં. આધેડનુ મોત હાર્ટ એટેકથી થયું હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. બનાવને લઇ વેપારીના



પરિવારમાં કલ્પાંત છવાય ગયો હતો.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મવડી પ્લોટ પાસે ન્યુ ગોપાલનગર પાર્ક- ૨ માં રહેતા અજયભાઈ પાંચાભાઈ ઉતેળીયા(ઉ.વ ૪૫) નામના આધેડ ગઇકાલે સાંજના સમયે લોધાવાડ ચોકમાં કનૈયા એન્જીનરીંગ નામની તેમની દુકાને હતાં. ત્યારે એકાએક તેમની તબીયત બગડતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. અહીં ફરજ પરના તબીબે જોઈ તપાસી આધેડને મૃત જાહેર કર્યા હતાં. બનાવને લઇ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, આધેડ બે ભાઈ એક બહેનના પરિવારમાં નાના હતાં લોધાવાડ ચોકમાં ભાગીદારીમાં તેમના ભાઈ સાથે આ દુકાન ચલાવતા હતા. આધેડને હ્રદય રોગનો હુમલો આવતા તેમનું મોત થયું હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ અંગે ભકિતનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# દેવભૂમિ દ્વારકામાં ભીમરાણા ગામે રૂ.૧૪.૬૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેવભૂમિ દ્વારકાના મીઠાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ભીમરાણા ગામે વિદેશી દારૂની ૧૩૩૩ કિંમત રૂ.૧૪.૬૮ લાખના જથ્થો પોલીસે ઝડપી લઇ નાસી ગયેલા બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ દેવભૂમિ દ્વારકાના ભીમરાણા ગામે રહેતો બુટલેગર મયુરસિંહ ઉર્ફે પાકલ મનુભાઇ જાડેજાએ વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો હોવાની હકિકત મળતા મીઠાપુર પોલીસ સ્ટેશનના પીઆઇ ડી.એન.વાંજાની સુચનાથી હેડ કોન્સ. મહિરાજદાન ગઢવી, કોન્સ. જયપાલસિંહ જાડેજા, રાજદિપસિંહ ઝાલા સહિતના સ્ટાફે ભીમરાળા ગામે રહેતો મયુરસિંહ ઉર્ફે પાકલ જાડેજાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા આ બુટલેગરને પોલીસ આવવાની ભણક મળી જતા તે નાસી ગયો હતો. પોલીસે મકાનની તલાસી લેતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૩૩૩ બોટલ કિંમત રૂ.૧૪.૬૮ લાખનો દારૂનો જથ્થો મળી આવતા પોલીસે મુદ્દામાલ



કબ્જે કરી નાસી જતા મયુરસિંહ જાડેજાની શોધખોળ શરૂ કરી છે.



# પરંપરાગત લોકવાદ્યોથી તરણેતરનો લોકમેળો સુરીલો બન્યો

### સરકારનાં આર્થિક સહયોગ અને મેળાના પ્લેટફોર્મથી રાવણહથ્થાનું સંગીત લોકો સુધી પહોંચ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાળિયેરની કાચલી, ઘોડાની પૂંછડીનાં વાળ, વાંસની લાકડી, સ્ટીલનાં તાર અને ચામડાંને જોડીએ તો રાવણહથ્થો બને, અને તેમાંથી સંગીત ઉત્પન્ન થાય. રાવણહથ્થાનું કર્ણપ્રિય સંગીત તરણેતરનાં મેળામાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. મેળામાં લોકવાદ્યોની વિસરા-તી જતી વિરાસતને યુવાનો પોતાના મોબાઈલના કેમેરામાં ઝીલતા જોવા મળતા હતાં.



તરણેતરનાં લોકપ્રિય મેળામાં રંગબેરંગી છત્રીઓ જોઈને લોકોની આંખોને ટાઢક થાય તેમ રાવણહથ્થાનું સંગીત સાંભળીને મનને શાંતિ મળે છે. મેળામાં ફક્ત ચકડોળ કે ખાણીપીણી જ નહીં, પણ પરંપરાગત કલાની પ્રસ્તુતિઓ પણ લોકોનું મન મોહી રહી છે.

લખતરનાં ૬૦ વર્ષીય કિશોરભાઈ સોલંકી રાવણહથ્થો વાદ્ય વગાડીને મેળાને સંગીતમય બનાવે છે. લોકવાદ્યકાર કિશોરભાઈએ કહ્યું કે, હું ૪૦ વર્ષ કરતાં વધુ સમયથી રાવણહથ્થો વગાડીને અમારું ગુજરાન ચલાવું છું. લોકવાદ્યકાર માટે આ કામ ફક્ત ઘરનું ગુજરાન ચલાવવા માટેનું નથી, પણ પોતાનાં પૂર્વજો તરફથી મળેલા પરંપરાગત વારસાને જાળવવાનું કામ છે.

દાહોદ અને સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં જોવા મળતા રાવણહથ્થાનાં કલાકારોને મેળા-ઉત્સવોમાં સરકારની આર્થિક મદદ મળે છે. પરંપરાગત કલાને જીવંત રાખી પોતાનાં સંતાનોને પણ લોકવાદ્ય શીખવનાર કિશોરભાઈ દુહા-છંદ, લોકગીતો, ગુજરાતી અને હિન્દી ગીતોને રાવણહથ્થા થકી લોકો સમક્ષ પ્રસ્તુત કરે છે. તેમણે વધુમાં કહ્યું કે, તરણેતર સહિતનાં મેળામાં સરકારનાં આર્થિક સહયોગ અને પ્લેટફોર્મથી આ પરંપરાગત કલા લોકો સુધી પહોંચી રહી છે, જે સરકારની સરાહનીય કામગીરી છે.

રાવણહથ્થા સાથે જોડાયેલા અન્ય એક કલાકાર મનસુખભાઈ બારોટે આ પરંપરાગત કલા પોતાનાં શિક્ષિત સંતાનોને પણ શીખવી છે. રાજ્ય સરકારનાં સહયોગથી બેંગ્લોર, ચેન્નઈ, રાજસ્થાન સહિતના શહેરોમાં રાવણહથ્થો વગાડનારા મનસુખભાઈને મેળામાં દરરોજનાં ૧૫૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. મનસુખભાઈએ કહ્યું કે, આ અમારું સન્માન છે, સરકારનાં સહયોગથી અમારો જુસ્સો વધે છે. રાવણહથ્થા જેવા પરંપરાગત વાદ્યો આજની યુવા પેઢીમાં આકર્ષણ જમાવે છે, સાથે સાથે મેળામાં આવતાં લોકોના આનંદમાં વધારો કરે છે..

અત્રે ઉલ્લેખનીય છે કે, તરણેતરનાં મેળામાં યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ ગાંધીનગર તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા ત્રણ દિવસ પારંપારિક સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાવણહથ્થા ઉપરાંત મોરલી, જોડીયાપાવા, ડાક ડમરું, ઝાલર, કરતાલ સહિત આપણી મહામૂલી વિરાસતને જીવંત રાખવા સ્પર્ધાઓ યોજાઈ હતી.

# રાજકોટની પૂર્વ ટીઆરબી ગાર્ડ યુવતીએ માસીયાઈ ભાઈની પજવણીથી કર્યો આપઘાતનો પ્રયાસ

### ઊંઘની વધુ પડતી ટીકડી પી લેતા યુવતીને સારવારમાં ખસેડાઈ; મામલો પોલીસમાં પહોંચતા સમાધાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માસીયાઈ ભાઈએ પજવણી કરતા રાજકોટની પૂર્વ ટીઆરબી ગાર્ડ યુવતીએ આપઘાતનો પ્રયાસ કર્યો છે. બેટી ગામે માસીના ઘરે જ ૨૪ વર્ષીય યુવતીએ ઊંઘની વધુ પડતી ટીકડી પી લીધી હતી. અગાઉ પોલીસમાં મામલો પહોંચેલો પણ ઘર મેળે સમાધાન થઈ ગયું હતું.

આ અંગે મળતી વિગત મુજબ, ઢેબર રોડ પર આવેલી એક કોલોનીમાં રહેતી ૨૪ વર્ષીય લલિતા (નામ બદલાવેલ છે) અગાઉ ટ્રાફિક બ્રિગેડમાં નોકરી કરતી. તેણે ગઈકાલે સાંજના પાંચ વાગ્યાની આસપાસ બેટી ગામે પોતાના માસીના ઘરે હતી ત્યારે ઊંઘની ગોળીઓ ખાઈ લીધી હતી. યુવતીની તબિયત લથડતા તાત્કાલિક સારવ-ાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે એરપોર્ટ પોલીસને જાણ કરતા એરપોર્ટ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો પોલીસે હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહેલી યુવતીનું નિવેદન નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગેની પૂછપરછમાં તેમની માતાએ જણાવ્યું કે, લલિતાના પિતા હયાત નથી. ચારેક મહિના પહેલા દીકરીએ વાત કરેલ કે તેના માસીયાઈએ તેની સાથે ખરાબ કૃત્ય કર્યું હતું. જે અંગે માસિયાઈ ભાઈ સાથે ચાલતા ઝઘડાથી કંટાળી ઊંઘની ગોળીઓ ખાઈ લીધી હોવાનો

આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેથી મામલો પોલીસમાં પહોંચેલો. પણ માસીએ વિનંતી કરી કે, ઘર ઘરના જ છે. જેથી કાર્યવાહી ન કરવી. તેથી ઘરમેળે સમાધાન કરેલું. જોકે હાલ માસીયાઈ પજવણી કરતો હોવાનો આરોપ છે પણ લલિતા હાલ બેભાન હોવાથી તે ભાનમાં આવ્યા બાદ પોલીસ નિવેદન લેશે અને હકીકત શું છે તે જાણશે.

# આવકવેરાની કલમ ૮૭એ હેઠળ શોર્ટ ટર્મ - લોંગ ટર્મ કેપીટલ ગેઈનમાં રિબેટ મળવાપાત્ર

ચેન્નઈ: શોર્ટ-લોંગ ટર્મ કેપીટલ ગેઈન મેળવતા કરદાતાઓ માટે મહત્વપૂર્ણ બને તેવો ચુકાદો ચેન્નઈની ઈન્કમટેક્સ ટ્રીબ્યુનલે આપ્યો છે. જે અંતર્ગત લોંગટર્મ કેપીટલ ગેઈનમાં કલમ ૮૭એ હેઠળ રિબેટ મળવાપાત્ર છે.

આ પુર્વે અમદાવાદ ટ્રિબ્યુનલે શોર્ટ ટર્મ કેપીટલ ગેઈનમાં આ જ પ્રકારનો ચુકાદો આપ્યો હતો. કેન્દ્ર સરકારના બજેટમાં આ પ્રકારના રિબેટ મળવાપાત્ર ન હોવાનું જાહેર કરાયુ હતું. તેવા સમયે ટ્રીબ્યુનલનો ચુકાદો મહત્વનો બને છે.

આવકવેરા કાયદાની કલમ ૮૭એ હેઠળ નાણાવર્ષ ૨૦૨૪-૨૫માં નવી ટેકસ સીસ્ટમમાં સાત લાખ સુધીની અને જુની સીસ્ટમમાં પાંચ લાખ સુધીની આવકમાં રિબેટ આપે છે. નવી સીસ્ટમ હેઠળ ૨૫૦૦૦ તથા જુની સીસ્ટમમાં રૂા.૧૨૫૦૦નો કલેઈમ થઈ શકતો હતો. નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૮૭એ ટેકસ રિબેટ ૧૨ લાખ સુધીની આવક પર વધારીને ૬૦૦૦૦ કરાયુ હતું.

ચેન્નઈ ટ્રીબ્યુનલે ચુકાદામાં બોમ્બે હાઈકોર્ટના આદેશને ટાંકયો હતો. કલમ ૮૭એ માં કોઈ આવકને અલગ રાખવા સુચવાયુ નથી. કુલ આવક નિશ્ચિત મર્યાદા હેઠળ હોય તો રિબેટ નકારી ન શકાય. કરદાતાને રાહત આપવાની જોગવાઈ સ્પષ્ટ હોય ત્યારે જુદા અર્થઘટન થઈ શકતા નથી.આ કેસ તામીલનાડુના કરદાતાનો હતો.

# ભારત સરકારની પહેલ: જાહેર માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તને મળશે રૂ. ૧.૫૦ લાખ સુધી કેશલેસ સારવાર

### ગુજરાત સરકાર વાહન અકસ્માત સારવાર સહાય યોજના' હેઠળ રાજકોટ જીલ્લામાં રૂ. ૬.૯૩ કરોડની સહાય ચૂકવાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાઈવે પર થતા અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ વ્યક્તિઓને નજીકની હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર મળે તો ઘાયલનો જીવ બચી શકે છે. પૈસાના વાંકે દર્દીને સારવાર મળવાનો વિલંબ ન થાય તે માટે કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા ઘાયલ દર્દીઓને કેશલેસ સારવાર મળી રહે તે માટે આયોજન હાથ ધરાયું છે.

મોટા ભાગે હાઈવે પર જયારે અકસ્માત થતો હોય છે, ત્યારે ઘાયલ વ્યક્તિ સભાન અવસ્થામાં ન હોવાથી તે સારવારના ખર્ચ માટે સમર્થ છે કે નહીં તે જાણી શકાતું નથી. આવા ઘાયલને જયારે હોસ્પિટલમાં લઈ જવામાં આવે ત્યારે તેને જરૂરી ઈમર્જન્સી સારવાર માટે કોઈ અંગત વ્યક્તિ ખર્ચ દેવા હાજર ન પણ હોઈ શકે. આ સ્થિતિમાં હોસ્પિટલમાં તેઓને કેશલેસ સારવાર મળી રહે તે જરૂરી છે. ત્યારે તેઓને દિવસ ૭ સુધી અધિકૃત હોસ્પીટલ તેમજ યોજનાની બધી હોસ્પિટલમાં સારવ-ાર મળવા પાત્ર છે.

ખાસ કરીને વાહન અકસ્માતમાં જે વાહન પાસે થર્ડ પાર્ટી વીમો નથી હોતો, અથવા હિટ એન્ડ રન કેસમાં વાહન ચાલક ફરાર થઈ જતા ઘાયલને સારવારનો ખર્ચ મળી રહે તે જરૂરી છે. આવા કિસ્સામાં દર્દીનો સારવાર ખર્ચના ક્લેઈમની ચુકવણી માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના એકાઉન્ટમાંથી કરવામાં આવશે.

આ અંગે પૂર્તતા કરવા માટે માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા રોડ સેફ્ટી કમિટીના અધ્યક્ષને આ અંગેની સત્તા આપવામાં આવી છે. માર્ગ સલામતી સમિતિ ખાસ આ બાબતે અનુકૂળતા સાધે તે પ્રકારે વ્યવસ્થા કરવામાં આવી છે. આ યોજનાની અમલવારીમાં ફરિયાદના નિરાકરણ માટે જિલ્લા કક્ષાએ ફરિયાદ નિવારણ ઓફિસર નીમવામાં આવશે.

ઘાયલોને હોસ્પિટલમાં સારવાર મળી રહે તે માટે ડેઝીગ્નેટેડ હોસ્પિટલ તેમજ નોન ડેઝીગ્નેટેડ હોસ્પિટલ પણ સહકાર આપે તે જરૂરી છે. જનજાગૃતિ માટે મેડિકલ એસોસિએશન, રેડક્રોસ સહિતની સંસ્થાઓ વધુને વધુ જાગૃતિ ફેલાવે તે પ્રકારે રોડ સેફ્ટી કમિટી દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. વધુમાં પીડિતને હોસ્પિટલમાં દાખલ થવાની કે ટ્રીટમેન્ટને લગતી ફરિયાદ માટે નેશનલ હાઈવે ઓથોરિટીના ટોલફ્રી હેલ્પલાઈન નં ૧૪૫૫૫ પર સંપર્ક કરી શકાય છે.

ગુજરાત રાજ્યમાં હાઈવે પર અકસ્માતમાં ઘાયલને રૂ. ૧.૫૦ લાખ સુધીની કેશલેસ સારવારનો લાભ મળી રહે તે માટે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી તેમજ જિલ્લા રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા લોકોમાં તેમજ હોસ્પિટલ ધારકોમાં જનજાગૃતિ વધે તે માટે સક્રિય કામગીરી કરવામાં આવી રહી છે.

ગુજરાત રોડ સેફ્ટી કમિટીના નિવૃત્ત સી.ઈ.ઓ. અને એક્સપર્ટ મેમ્બર જે.વી. શાહે સારવાર પ્રક્રિયા અંગે વધુ વિગત આપતા જણાવ્યું છે કે, ભારત સરકારની યોજનાના સફળ અમલીકરણ માટે પોલીસ અને આરોગ્ય વિભાગનો મુખ્ય રોલ રહેશે. રોડ સેફ્ટી ઓથોરિટી રાજ્ય સ્તરે મોનિટરિંગ કરવા નોડલ એજન્સી છે. જિલ્લા સ્તરે પ્રશ્નોના નિવારણ માટે નિવાસી અધિક કલેકટરને ગ્રિવન્સ રિડ્રેસલ ઓફિસર અને નોડલ અધિકારી બનાવેલ છે. પોલીસે પર વિક્ટિમનું જનરેટ કરવાનું રહેશે. જો વિક્ટિમ જાતે હોસ્પિટલ પહોંચે તો હોસ્પિટલ જનરેટ કરશે, જેને પોલીસે ૨૪ કલાકમાં કન્ફર્મેશન આપવાનું રહેશે કે આ માર્ગ અકસ્માતનો જ કેસ છે. એમ્પેનલ ના હોય તેવી હોસ્પિટલ ૨૪ કલાક સુધી ૧૦ હજાર સુધીની સ્ટેબિલાઈઝેશન સારવાર આપી શકશે. યોજનાની બધી હોસ્પિટલમાં આ યોજનામાં પણ એમ્પેનલ હોસ્પિટલ છે.

# ખેલ મહાકુંભમાં જોડાવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન ૨૯ ઓગસ્ટથી શરૂ થશે

### ૨૨ સપ્ટેમ્બર સુધી ખેલમહાકુંભની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકારની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના સૂત્ર સાથે ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં શાળા કક્ષા / ગ્રામ્ય કક્ષા, તાલુકા કક્ષા / ઝોન કક્ષા, જિલ્લા કક્ષા /મહાનગરપાલિકા કક્ષા, ઝોન કક્ષા (ટીમ રમત) અને છેલ્લે રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ યોજાશે. ઉલ્લેખનીય છે કે ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત શાળા કક્ષાએ એથ્લેટીક્સની સ્પર્ધામાં અન્ડર-૯, અન્ડર-૧૧, અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ના વયજુથમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે.

ખેલ મહાકુંભમાં જોડાવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન તા. ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫થી શરૂ કરવામાં આવનારુ છે. તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના સાંજે ૦૬ કલાક સુધી રજિસ્ટ્રેશન કરી શકાશે. તેમજ ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે નિયત વયજૂથના તમામ ખેલાડીઓએ ફરજિયાત વેબસાઈટ https://khelmahakumbh.gujarat.gov.in પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

વધુમાં, પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઇ શકશે. ખેલાડી બે રમત કરતાં વધુ રમતમાં ભાગ લઇ શકશે નહીં. એક જ કે.એમ.કે. આઇ.ડી.થી ખેલાડીએ બે રમતમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હશે તો જ ખેલાડીનું બે રમતમાં રજિસ્ટ્રેશન માન્ય ગણવામાં આવશે. એક જ કે.એમ.કે. આઇ.ડી.થી બે રમતમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હશે અને વિજેતા થશે તો જ રોકડ-પુરસ્કાર મળવાપાત્ર રહેશે. તેમજ જે ખેલાડી પાસે જુના કે.એમ.કે. આઇ.ડી. હોય, તેમણે જુના કે.એમ.કે. આઇ.ડી.થી ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

આ ઉપરાંત, અન્ડર-૯, અન્ડર-૧૧, અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ ગ્રુપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે-તે શાળામાંથી રજિસ્ટ્રેશન કરવાનું ફરજિયાત રહેશે. કોલેજમાં અભ્યાસ કરતાં ખેલાડીઓ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરી શકશે. તેમજ અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજુથમાં રજિસ્ટ્રેશન કરાવી શકશે.

# વાંકાનેરમાં છાત્રને માર મારી જાતી પ્રત્યે હડધૂત કર્યાની સંચાલક વિરૂધ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર શહેરમાં આવેલ જ્ઞાનગંગા સ્કૂલના સંચાલક દ્વારા વિદ્યાર્થીને માર મારવા તથા જાહેરમાં જાતી પ્રત્યે અપમાનિત થાય તેવા શબ્દો વાપર્યા અંગેના આક્ષેપો સાથે ભોગ બનનાર સગીરના પિતાએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં સ્કૂલ સંચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધવતા, પોલીસે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.વાંકાનેર માં રહેતા વાલીએ જ્ઞાનગંગા સ્કૂલના સંચાલક યોગેન્દ્રસિંહ ઝાલા (રહે. વાંકાનેર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, તેમનો ૧૫ વર્ષીય દીકરો ધોરણ ૧૦માં જ્ઞાનગંગા સ્કૂલમાં અભ્યાસ કરે છે. શાળામાંથી રજા બાદ તે સ્ટેચ્યુ ચોક નજીક આવેલ દુકાન પર નાસ્તો કરી રહ્યો હતો ત્યારે સ્કૂલના સંચાલક યોગેન્દ્રસિંહ ઝાલા ત્યાં પહોંચ્યા હતા.ત્યાં આરોપીએ વિદ્યાર્થીને જાતિ પ્રત્યે અપમાનિત કરી 'તમે ભણવાને લાયક નથી' તેમ કહી, પેટના નીચેના ભાગે જોરદાર પાટુ માર્યું

હતું. જે બાદ આરોપી સ્થળ ઉપરથી ચાલ્યા ગયા હતા. પેડુમાં મૂંઢ ઈજાને કારણે વિદ્યાર્થીને ચક્કર આવી જતા થોડા સમય માટે તે જમીન પર બેસી ગયો હતો.બાદમાં તે ઘરે પરત ફરીને ઘટનાની જાણ પરિવારજનોને કરી હતી.ત્યારે ફરિયાદી તરત જ પોતાના દીકરાને સરકારી હોસિપટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા.હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# SPGના પ્રમુખે પાંચ હજાર કાર્યકરોનો જમણવાર યોજી રૂ ૫.૫૦લાખ ન ચૂકવ્યા

### સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ કલ્પેશ રાંક સામે છેતરપિંડીની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એસપીજીના સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ સામે મંડમ સર્વિસ તેમજ કેટરર્સ સંચાલક સાથે ૫.૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાતાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે મોરબી રોડ પર રહેતા ચિરાગ કિશોરભાઈ લુણાગરિયા (ઉ.વ.૩૪)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તા.૨૩-૧૧-૨૦૨૩ના કૂવાડવા મેઈન રોડ પર આવેલા કાર્તિક પાર્ટી પ્લોટ ખાતે એસપીજીના સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ કલ્પેશ જગજીવનભાઈ રાંક દ્વારા સૌરાષ્ટ્ર ઝોનના પાંચ હજાર કાર્યકરોનું સંમેલન યોજવા માટે તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ પછી ઈવેન્ટ ગોઠવવાનું નક્કી થતાં તેમાં પ્લોટનું ભાડું, મંડપ સર્વિસ, ડેકોરેશન ઉપરાંત પાંચ હજાર કાર્યકરોનું ભોજન ચિરાગ લુણાગરિયા દ્વારા તૈયાર કરવામાં આવશે તેવું નક્કી કરાયું હતું. આ કાર્યક્રમનો કુલ ખર્ચ ૮.૫૦ લાખ રૂપિયા થયો હતો જેમાંથી જે-તે સમયે કલ્પેશ રાંક દ્વારા ત્રણ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા પરંતુ કાર્યક્રમને દોઢ વર્ષ જેટલો સમય વીતી જવા છતાં હજુ સુધી ૫.૫૦ લાખનું ચૂકવણું કરવામાં ન આવતા આખરે તેના વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવાઈ હતી.

# રાજકોટમાં યુવકનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

### ક્રિસ્ટલ મોલ પાસે યુવતીએ ઉંઘની વધુ પડતી ગોળી પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરામાં રહેતા યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. યુવાને ક્યાં કારણસર આ પગલું ભેર લીધું તે જાણી શકાયું નથી. જ્યારે ક્રિસ્ટલ મોલ પાસે રહેતી યુવતી ઉંઘની વધુ પડતી ટીકડી પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

જાણવા મળતી વિગતો મુજબ, ભગવતીપરામાં ભારત પાન સામે રહેતા સદામ મહેબુબભાઈ અંસારી(ઉ.વ ૨૮) નામના યુવાને સાંજના સમયે ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવને લઈ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. યુવાન એક ભાઈ બે બહેનના પરિવારમાં વચેટ અને કુંવારો છે.યુવાન સીઝનલ ધંધો કરે છે. યુવાને ક્યાં કારણસર આ પગલું ભરી લીધું તે જાણી શકાયું નથી.

જયારે અન્ય એક બનાવમાં ક્રિસ્ટલ મોલ પાછળ આવેલા ક્રિષ્ના કોમ્પેકસમાં રહેતી મનિષા પાલાભાઈ બેડવા(ઉ.વ ૨૧) નામની યુવતીએ ગઇકાલે સાંજના ઉંઘની વધુ પડતી ટીકડી ખાઈ લેતા તેની તબીયત બગડતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

# શેરબજારમાં નાણાં ગુમાવ્યા બાદ આર્થિક ભીંસમાં સપડાયેલા યુવકનો આપઘાતનો પ્રયાસ

### રાજકોટના યુવાને ઘરેથી નીકળ્યા બાદ ટંકારાના મિતાણા પાસે પહોંચી ઝેરી ટીકડા ખાઈ લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર આવેલી ગાંધી વસાહત સોસાયટીમાં રહેતા યુવાને મીતાણા ચોકડી પાસે ઘઉંમાં નાખવાની ઝેરી ટીકડી પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. યુવાને શેર બજારમાં નાણાં ગુમાવતા આર્થિક ભીંસમાં સપડાયો હોય જેનાથી કંટાળી આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે.



બનવાની જાણવા મળતી વિગતો મુજબ, જુના મોરબી રોડ પર ગાંધી વસાહત સોસાયટીમાં રહેતા અભીજીત બલદેવ રાઠોડ(ઉ.વ ૨૫) નામના યુવાને સાંજના સમયે મીતાણા ચોકડી પાસે ઘઉંમાં નાખવાની ઝેરી ટીકડી પી લેતા તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અહીં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. યુવાન ત્રણ ભાઈ એક બહેનના પરિવારમાં મોટો અને અપરિણીત છે. યુવાન ખાનગી હોસિપટલમાં પ્યુન તરીકે નોકરી કરે છે. યુવાને શેરબજારમાં નાણા ગુમાવતા આર્થિક ભીંસમાં સપડાયો હોય જેનાથી કંટાળી જઈ આ પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસના અંતે જાણવા મળ્યું હતું.

# રાજકોટમાં બિલ્ડીંગના રૂમમાં લાપી લગાવતો શ્રમિક અકસ્માતે નીચે પટકાતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા મવડી ચોકડી પાસે આર. કે. એમ્પાયર બિલ્ડીંગ પરથી નીચે પટકાતા શ્રમીકને માથે અને શરીરે ગંભીર ઈજાઓ થવાથી તેનુ ઘટના સ્થળે મોત નીપજયુ હતુ. આ ઘટનામા માલવીયા પોલીસ મથકનાં સ્ટાફે કાગળો કર્યા હતા.

આ અંગેની વિગતો મુજબ માધાપર ચોકડી નજીક મનોહર પાણીનાં ટાકા પાસે રહેતા અને મકાનમા લાપી લગાવવાનુ કામ કરતા મનોજ કુમાર રામપર ચૌહાણ નામનો ૨૫ વર્ષનો યુવાન ગઈકાલે સાંજનાં સમયે મવડી ચોકડી પાસે આર. કે. એમ્પાયર બિલ્ડીંગમાં આવેલા રૂમમા લાપી લગાવવાનુ કામ કરતો હતો. ત્યારે અચાનક નીચે પટકાતા તેમને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને બેભાન હાલતમા સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવતા ડોક્ટર આસ્થા ગોહેલે જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. આ અંગે માલવીયા નગર પોલીસ મથકનાં સ્ટાફે કાગળો કર્યા હતા.

# ગોંડલનું વેરી તળાવ ઓવરફ્લો



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલનાં સ્વપનદ્રષ્ટા રાજવી મહારાજા ભગવતસિહનાં સમયમાં બંધાયેલુ અને બાંધકામનાં ઉત્કૃષ્ટ નમુનારૂપ વેરીતળાવ ઓવરફ્લો થયુ છે. ઓટોમેટિક ૭૫ પાટીયા ધરાવતુ વેરીતળાવ હાલ પાટિયા પરથી ૨ ઈંચ ઓવરફ્લો થઈ રહ્યું છે. ઉપરવાસમાં વરસાદ પગલે ડેમમાં વિપુલપ્રમાણમાં પાણીની આવક નોંધાઈ હતી. વેરીતળાવમાં હાલ ૨૮૦ ક્યુસેક પાણીની આવક સાથે તેટલી જાવક નોંધાઈ છે. વેરીતળાવમાં ૧૬૨ એમસીએફટી પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. વોટરવર્કસ ચેરમેન શૈલેષભાઈ રોકડે જણાવ્યું કે આગામી જાન્યુઆરી સુધી ચાલે તેટલા પાણીનો સંગ્રહ થયોછે. વેરી તળાવ ઓવરફ્લો થતા તૈયારીને લઈને તંત્ર દ્વારા ગોંડલ, કંટોલીયા, વોરાકોટડા સહિતના ગામોના લોકોને નદીના પટમાં અવરજવર નહી કરવાની અપાઈ સૂચના અપાઇ છે. સીઝનમાં પ્રથમ વખત વેરી તળાવ ઓવરફ્લો થતા લોકોમાં ફેલાઈ આનંદની લાગણી ફેલાઈ છે.

# હિરાસર એરપોર્ટ પાસે હિટ એન્ડ રન: વાહનની રાહ જોતા વૃદ્ધાનું કાર હડફેટે મોત

### વાંકાનેર પુત્રીની ખબર કાઢવા જતા રૂપાવટીના વૃદ્ધાને કાળ ખેંચી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર રૂપાવટી ગામે રહેતા રૂડીબેન હરજીતભાઈ રાઠોડ (ઉ.વ.૮૦)નામના વૃદ્ધા આજે સવારે વાંકાનેર રહેતા તેમના દિકરી વાલીબેનની ખબર કાઢવા જવા માટે સવારે ઘરેથી નીકળ્યા હતા અને હિરાસર એરપોર્ટ પાસે ઉભા હતા ત્યારે અજાણયો કાર ચાલક વૃદ્ધાને ઠોકરે ચડાવી નાશી છૂટયો હતો. આ અકસ્માતમાં વૃદ્ધાને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજા થતા પ્રથમ કુવાડવા બાદ વધુ સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર કારગત ન નીવડતા તેનુ મોત નીપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકી સ્ટાફે પ્રાથમિક નોંધ કરી એરપોર્ટ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક વૃદ્ધાને સંતાનમાં ચાર પુત્ર અને ચાર પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. આ અંગે પોલીસે અકસ્માત સર્જી નાશી છૂટેલા અજાણયા કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધવા અને તેની શોધખોળ કરવા તપાસ હાથ ધરી છે.

# ગઠિયાએ છરીની અણીએ રૂ.૩૨૦૦ ભાવિ તબીબ પાસેથી પડાવ્યા

### લુખ્ખાએ ઈરાદા પૂર્વક અકસ્માત સર્જી સ્કૂટર નુક્શાનીના બહાને ધાકધમકી સિવિલ હોસ્પિટલે જઈ રહ્યો હતો ત્યારે આપી નાણા ખંખેર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર રૂડા બિલ્ડીંગ પાસે મેડીકલ બોયઝ હોસ્ટેલમાં રહેતા અને સિવિલ હોસ્પિટલમાં સ્થિત મેડીકલ કોલેજમાં એમ.બી.બી.એસ. ઈન્ટર્ન તબીબ તરીકે અભ્યાસ કરતાં દિપ નરસિંહભાઈ પાડોર (ઉ.વ.૨૩) ના બાઈક સાથે બાઈક અથડાવી આશરે ૨૫થી ૩૦ વર્ષીય અજાણ્યા સ્કૂટર ચાલકે નુકશાનીના બહાને છરી બતાવી પરાણે રૂ. ૩૨૦૦ પડાવી લીધાની પ્ર.નગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.

દિપે પોલીસને જણાવ્યુંકે, ગઈકાલે સાંજે તે સ્કુટર લઈ યાજ્ઞિક રોડ પર કામ સબબ ગયા બાદ ત્યાંથી પરત પાસે પાછળથી આરોપીએ તેનુ સ્કુટર ઈરાદા પૂર્વક અથડાવી આગળ ઊભુ રહેવાનું જણાવ્યું હતું જેથી તે સિવિલના ગીટની અંદર ઉભો રહેતાં આરોપીએ તેનું સ્કુટર આડુ ઉભુ રાખી મારા સ્કુટરમાં નુકશાની થઈ છે. કહી ધમકી ભર્યા શબ્દોમાં તુ મને ઓળખે છે પુછતા તેને ના પાડતા આરોપીએ મરી પાસે જે સ્કુટર છે તે હું ભાડે લાવ્યો છું,તેમાં નુક્શાની થઈ છે. તે કોણ ભરશે કહી નુક્શાનીના બહાને રૂ.૩૨૦૦ આપવાનું કહ્યું હતું. આરોપીએ ના પાડી મારો કોઈ વાંક ન હતો કહેતાં આરોપીએ છરી કાઢી ખર્ચના રૂપીયા આપી દે નહીતર છરી પેટમાં મારીને ફેફડા બહાર કાઢી નાખીશ. કહી ધમકી આપી હતી. આથી તે ડરી જતા પરિવારજનોને કોલ કરતા આરોપીએ ફોન : ૩૨૦૦ ફોનમાંથી ઓનલાઈન ટ્રાન્સફર લઈ તારે બધાને ફોન કરીને લાંબું કરવું છે, તો હું હાલ એકલો છું, મારા બે મિત્રોને બોલાવી લઉં, તે આવશે તો તને બહુ મારશે. કહેતા તેને ના પાડી રોકડા પૈસા ન નહોવાનું કહેતા આરોપીએ એ.ટી.એમ.માંથી ન હોવાનું જણાવ્યા બાદ તેણે આરોપીને કર્યા હતાં.

જેમાં સ્કેન કરતા એક યુવતીનું નામ આવ્યું હતું. ત્યાર-બાદ તેણે ત્યાંથી નિકળી અન્ય તબીબને વાત કર્યા બાદ ફરિયાદ નોંધાવી હતી.આ મામલે પ્ર. નગરના પીએસઆઈ જે.એમ.જાડેજા તપાસ ચલાવી રહ્યાં છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વયોવૃધ્ધ રાહદારીને કારમાં લીફ્ટ આપી નજર ચૂકવી દાગીના સેરવી લેતી ગેંગ ઝડપાઇ

## ખડીયા ગામથી મેંદરડા તરફ જતા રસ્તે વૃધ્ધાને કારમાં બેસાડી મહિલા સહિત ચાર શખ્સોએ દાગીના સેરવી લીધા'તાઃ એ ડિવિઝન પોલીસે ભેદ ઉકેલી નાખી માહિલા સહિત ચાર શખ્સોની ધરપકડ કરીઃ રૂ.૧૦.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂનાગઢ પંથકમાં રસ્તા પર ચાલીને જતા રાહદારીઓને કારમાં લીફ્ટ આપી વયવૃધ્ધ લોકોની નજર ચુકવી રોકડ તથા સોના-ચાંદીના દાગીના સેરવી લેતી ગેંગ રાજકોટમાં ચોરાઉ મુદ્દામાલ વેચવા આવતા એ ડિવિઝન પોલીસે મહિલા સહિત ચાર શખ્સોને દબોચી લઇ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હાનાનો ભેદ ઉકેલી નાખી કાર સહિત રૂ.૧૦.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.





આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજકોટ શહેરમાં વાહનચોરી, મોબાઇ ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ સહિતના ગુન્હાઓ શોધવા અંગે મળેલી સુચના અન્વયે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ બી.વી.બોરીસાગરના માર્ગદર્શન હેઠળ ડિ સ્ટાફના પીએસઆઇ એસ.એમ.રાણા, હેડ કોન્સ. ધારાભાઇ ગઢવી, કરણભાઇ વીરસોડીયા, મહેશભાઇ ચાવડા, કલ્પેશભાઇ બોરીચા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી રાહે હક્કિત મળી હતી કે, એક સફેલ કલરની કિયા કારેન્સ કાર નંબર જીજે૧૧સીએચ૩૮૭૪ માં બેઠેલા વ્યકિતઓ ચોરાઉ સોનાનો ચેઇન વેચવા આવ્યા હોવાની હક્કિતના આધારે પોલીસે વોચ ગોઠવી આ કારમાં નિકળેલા કલ્પેશ કિશોર સોલંકી (રહે. વાવેરા રોડ ભોળાનાથ મંદિરની બાજુમાં, ત્તત્વર્તી સોસાયટી, રાજુલા), જયોતી સુરેશ પંડિત (રહે. સનાથડ ટોલટેસ,શાંતિપુરા ચોકડી, અમદાવાદ), સુનીલ વિનુ સોલંકી (મોટા ઉજાળા ગામ, મારૂતિ નગર, તા. કુકાવાવ) અને ગૌતમ ગોરધન ચુડાસમા (રહે. ગીરનાર દરવાજા ચોક, ગોપાલ વાડી સામે, જૂનાગઢ) સહિત ચાર શખ્સોની અટકાયત કરી આકરી પુછપરછ કરતા કબુલાત આપી હતી કે, તેઓએ બે દિવસ પહેલા જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખળીયા ગામથી મેંદરડા જતા રસ્તે આવતા આંણદપર બગડુ ગામ વચ્ચેના રોડ પર એક મોટી ઉંમરના બહેનને કારમાં બેસાડી તેની નજર ચુકવી ગળામાંથી રૂ.૭૫ હજારની કિંમતનો સોનાનો ચેઇન સેરવી લીધો હોવાની કબુલાત આપી હતી. પોલીસે રૂ.૧૦ લાખની કિંમતની કાર અને તુટેલો સોનાનો ચેઇન સહિત કુલ રૂ.૧૦.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓનો કબ્જો જૂનાગઢ તાલુકા પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી હતી.

# મવડી ઇન્ડસ્ટ્રીઝ ઓવરબ્રિજ પાસે જાહેરમાં જૂગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓની ધરપકડ

## એનડીપીએસના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને દબોચી લેતી ડીસીપી એલસીબી ઝોન-૨ ટીમ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાતમ આઠમના તહેવારો પૂર્ણ થઇ ગયા હોવા છતાં હજુ પણ કેટલાક સ્થળોએ જુગારીઓ જુગાર રમવાનું શરૂ રાખ્યું હોય ત્યારે ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે દરોડો પાડી મવડી ઇન્ડસ્ટ્રીઝ ઓવરબ્રિજ પાસે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી એએસઆઇ જયંતિભાઇ, રાજેશભાઇ, રાહુલભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે મવડી ઇન્ડસ્ટ્રીઝ ઓવરબ્રિજ પાસે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતો ગોંવિદ મોહન કામેલ (રહે. જંકશન પ્લોટ, ગાયકવાડી), ઇમ્તીહાજ અલી સોરા (રહે. ઉદ્યોગનગર કવાર્ટર પસપોર્ટ ઓફિસ પાસે), સાજીદ ઉમર સોરા (રહે. કોઠારીયા-સોલવંટ હુસેની ચોક), રાજેશ ધીરૂ ચાવડા (લક્ષ્મીનગર મેઇન રોડ મહાદેવ વાડી), મુન્ના ધરમસિંહ મકવાણા (લોહાનગર મફતીયાપરા) સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૧૫૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના એનડીપીએસના ગુન્હામાં નાસતો ફરતો મીલન કિરીટ ડાભી (રહે. આનંદનગર બગીચા સામે તથા નાણાવટી ચોક આરએમસી કવાર્ટર)ને ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમે દબોચી લઇ ગાંધીગ્રામ પોલીસના હવાલે કર્યો હતો.

# આઇપીઓ ભરવાના બહાને ૪૯ રોકાણકારો સામે રૂ.૪.૪૬ કરોડની છેતરપીંડી કરનાર શખ્સ ઝડપાયો

## ગાંધીગ્રામ-૨ યુની. પોલીસે બાતમીના આધારે જામનગરથી દબોચી લીધોઃ તપાસ દરમ્યાન વધુ શખ્સોના નામ ખુલવાની શકયતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં અસંખ્ય લોકોને આઇપીઓ ભરવાના બહાને રોકાણ કરવાનું કહી ઉંચુ વળતર આપવાની લાલચ આપી રૂ.૪.૪૬ કરોડની માતબર રકમની છેતરપીંડી કરી ભુર્ગભમાં ઉતરી ગયેલા શખ્સને ગાંધીગ્રામ-૨ યુની. પોલીસે જામનગરથી દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.



આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજકોટ શહેરમાં અગાઉ ૪૯થી વધુ રોકાણકારોને આઇપીઓ ભરવાના બહાને રોકાણ કરવાનું કહી સારૂ એવું વળતર અપાવી તેવો પક્કો વાયદો કરી વિશ્વાસ અપાવીને એકાઉન્ટ મારફતે તથા રોકડા નાણાં રોકાણકારો પાસેથી મગાવી શરૂઆતમાં વિશ્વાસમાં લેવા માટે સારૂ અમુક વળતર પેટે પરત આપી રોકાણકારોને સંપૂર્ણ વિશ્વાસમાં લઇ લીધા બાદ રોકાણકારોને વધુ નફો કમાઇ આપશે તેવું જણાવી અલગ-અલગ ૪૯ રોકાણકારો પાસેથી કુલ રૂ.૪.૪૬ લાખ જેટલી મોટી રકમ મેળવી લઇ બાદમાં રોકાણકારોને વળતર નહીં ચુકવી તથા નાણાં પરત નહીં આપી મસમોટું આર્થીક નુકસાન કરી નાણાં ઓળવી જઇ નાસી ગયો હતો. જે ફરીયાદ ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં કુવાડવા રોડ પર જુના જકાત નાકા પાસે શિવપરામાં રહેતો રોહિત રમેશ રોરીયા સહિતના શખ્સો સામે ફરીયાદ નોંધાઇ હતી. બનાવ બાદ ભુર્ગભમાં ઉતરી ગયેલા શખ્સને શોધવા એએસઆઇ વાય.ડી.ભગત, દિવ્યરાજસિંહ, આદિત્યસિંહ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. તે દરમ્યાન રોહિત રોરીયા જામનગરમાં છુપાયો હોવાની હકિકત મળતા પોલીસે આ શખ્સને દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

# ઉપલેટામાં ૨.૯૪ લાખના વિદેશી દારૂ સાથે બુટલેગરને દબોચી લેતી રૂરલ ક્રાઇમ બ્રાન્ચ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટામાં સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી રૂરલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી રૂ.૨.૯૪ લાખના વિદેશી દારૂ સાથે વિજયનગર સોસાયટીમાં રહેતા બુટલેગરને દબોચી લઇ ૩૨૪ બોટલ વિદેશી દારૂ કબ્જે કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ તથા આર.બી.ભીમાણી, એએસઆઇ શક્તિસિંહ તથા વિજયસિંહ, હેડ કોન્સ. શક્તિભાઇ, અરવિંદસિંહ સહિતનો સ્ટાફ ઉપલેટામાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે નાગનાથ ચોક પાસેથી દિપ ઉર્ફે ટીલીયો કિરીટ રાઠોડ (રહે. ઉપલેટા,કૃષ્ણ કેક ઓઇલ મીલ રોડ,વિજયનગર સોસાયટી) નામના બુટલેગરને દબોચી લઇ તેના કબ્જામાંથી વિદેશી દારૂની નાની-મોટી ૩૨૪ બોટલ કિંમત રૂ.૨.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બેન્કે જપ્ત કરેલી દુકાન ખરીદવા જતાં વૃદ્ધે ૧.૦૫ કરોડ ગુમાવ્યા

## ધર્મેન્દ્ર રોડ પર આવેલી દુકાન પર લોન ચડી જતા વૃદ્ધને ફસાવી નેહા ગાંધેશાએ દુકાન પણ છોડાવી લીધી'ને વૃદ્ધને દસ્તાવેજ પણ ન કરી આપ્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

નિર્મલા કોન્વેન્ટ રોડ ઉપર સરસ્વતિ સોસાયટીમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધ બેન્કે જપ્ત કરેલી દુકાન ખરીદવા જતા ૧.૦૫ કરોડ જેવી માતબર રકમ ગુમાવ્યાની પોલીસ ફરિયાદ નોંધાતાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે ઘનશ્યામભાઈ દયાળજીભાઈ માણેક (ઉ.વ.૭૦)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓ ધર્મેન્દ્ર રોડ કડિયા નવલાઈન શેરી નં.૬માંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે દોમડિયાના ડેલો તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં દુકાન નં.૩ ઉપર કેપ્રી ગ્લોબલ કેપિટલ લિમિટેડ નામની કંપનીની જાહેર નોટિસ લગાવેલી હતી.

આ નોટિસમાં લખવામાં આવ્યું હતું કે દુકાન પર લોનના હપ્તા ચડી ગયા હોય કોઈએ વ્યવહાર કરવો નહીં. આ બોર્ડ વાંચ્યા બાદ તેમાં લખેલા નંબર ઉપર ફોન કરતા તે વ્યક્તિએ ઘનશ્યામભાઈને મવડી ચોકડીએ આર.કે.એમ્પાયર બિલ્ડિંગમાં બોલાવ્યા હતા.

અહીં કેપી ગ્લોબલ કેપિટલ લિમિટેડના મેનેજરે ઘનશ્યામભાઈને જણાવ્યું કે દુકાન પર ચડત હપ્તા તમે ભરી દો અને ત્યારબાદ જો દુકાન ખરીદવી હોય તો તમને પંદર-વીસ દિવસનો સમય ગળશે. આ દુકાનના માલિક નેહાબેન રજનીકાંત ગાંધેશા ત્યાં ત્ય જ દુકાન ધરાવતા હોય તેમની સાથે વાતચીત કરી લ્યો. આ પછી ઘનશ્યામભાઈએ નેહાબેન ગાંધેશા સાથે વાત કરતાં તેણે દુકાન વેચવાની તૈયારી દર્શાવી હતી.

દુકાન પર લીધેલી લોન ભરપાઈ કરવા તેમજ નેહાને વધારાના નવ લાખ ચૂકવવાના તે પ્રકારે સોદો નક્કી થયો હતો. ઘનશ્યામભાઈએ સૌથી પહેલાં ૭.૯૪ લાખ કેપ્રી ગ્લોબલ કેપિટલ લિમિટેડને ચડત હપ્તા પેટે ભરપાઈ કર્યા બાદ ૮૯.૮૮ લાખ રૂપિયા કેપ્રી ગ્લોબલ કેપિટલ લિ.માં નેહાબેન ગાંધેશાના ખાતામાં ચાર કટકે જમા કરાવ્યા હતા. આ પ્રકારે નેહાબેનની દુકાન બેન્ક પાસેથી છૂટી થઈ ગયા બાદ તેણે ઘનશ્યામભાઈને દુકાનનું સાટાખટ કરી આપ્યું હતું. ત્યારબાદ દસ્તાવેજની પ્રક્રિયા શરૂ કરવામાં આવતાં નેહાબેને બહાના કાઢવાનું શરૂ કર્યું હતું અને પાંચ મહિના સુધી કોઈ જ કાર્યવાહી ન કરી ઘનશ્યામભાઈના ૧.૦૫ કરોડ ઓળવી જતાં આખરે તેના વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

# યશ એવન્યુ એપાર્ટમેન્ટમાં પતિ સાથે ઝઘડો થયા બાદ પત્નીએ જિંદગી ટૂંકાવી

## ભક્તિનગર સ્ટેશન નજીક ટ્રેન હેઠળ પડતું મૂકી ૩૯ વર્ષીય યુવકનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આપઘાતના બે બનાવ સામે આવ્યા છે. રૈયારોડ આલાપ ગ્રીન સિટી પાછળના ભાગે એપાર્ટમેન્ટમાં રહેતા નેપાળી યુગલ વચ્ચે ઝઘડા થતા પૂએ જિંદગી હત્યાથી ટ્રેન હેઠળ પડતું મૂકી ૩૯ વર્ષીય યુવકે આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.

આ અંગેની મળતી માહિતી મુજબ, આલાપ ગ્રીન સિટીની પાછળ આવેલા યશ એવન્યુ એપાર્ટમેન્ટમાં રહેતા શ્રુતિકા અમીરાજ સોની (ઉંમર વર્ષ ૨૩) નામની પરણિતાએ પતિ સાથે ઝઘડો થયા બાદ લાગી આવતા ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી. ઘટના અંગે યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, બંને દંપતી એપાર્ટમેન્ટમાં રહેવાની સાથે અહીં પગીપણું કરતા હતા. પતિ રાત્રિના ચાઈનીઝ પંજાબીની રેકડીમાં કામ કરવા જતા હતો. મંગળવારે રાત્રિના પતિ ઘરે આવતા પત્ની જોવા મળી ન જે બાદ થોડીક વારમાં પત્ની ઘરે આવતા આ વાતને લઈને બંને વચ્ચે ઝઘડો થયો હતો. જે બાદ પતિ બહાર જતાં જ પાછળથી આ પગલું ભરી લીધું હતું. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં લક્ષ્મીનગર શેરી નંબર ૩ માં બંધ શેરીમાં રહેતા હિરેનસિંહ દલપતસિંહ ગોહિલ (ઉંમર વર્ષ ૩૯)એ બુધવારે સવારે ૯ વાગ્યા આસપાસ ભક્તિનગર સ્ટેશન નજીક ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. ભક્તિનગર પોલીસે ઘટનાની તપાસ કરી પરિવારને જાણ કરી હતી. વધુમાં મૃતક હિરેનસિંહ ડ્રાઈવિંગ કામ કરતા હતા. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. બનાવના પગલે પરિવારમાં કલ્પાંત છવાયો હતો. જો કે તેઓએ ક્યાં કારણસર આ પગલું ભર્યું તે સામે ન આવતા પોલીસે તપાસ યથાવત રાખી છે.

# કૂવાડવા ગામે બાલાજી સેન્ટ્રીંગમાં ભાગીદારે જ ચોરી કરી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કૂવાડવા રોડ વિસ્તારમાં શિવધારા સોસાયટી મેઈન રોડ પર આવેલા બાલાજી સેન્ટ્રીંગ નામના કારખાનામાંથી ૧.૩૫ લાખની રોકડ અને બોલેરો કાર મળી ૪.૭૫ લાખની ચોરીનો બનાવ પોલીસ ચોપડે નોંધાતાં ક્રાઈમ બ્રાન્ચે આ ગુનાનો ભેદ ઉકેલી નાખી તસ્કરની ધરપકડ કરી હતી.



આ અંગે કારખાનાના માલિક દિક્ષીત કિશોરભાઈ ઢોલરિયાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ચાર દિવસ પહેલાં સાંજે સાતેક વાગ્યે કામ પૂર્ણ કરી વેપારની ૧.૩૫ લાખની રોકડ ઓફિસના ટેબલના ખાનામાં રાખી દીધી હતી. જો કે ઓફિસના દરવાજાનો લોક ઘણા સમયથી બગડી ગયો હોય દરવાજાનો આગળીયો જ બંધ કર્યો હતો. આ પછી ડેલાને બહારથી લોક કર્યો હતો. બીજા દિવસે ડેલો ખુલ્લો હોવાનું અને અંદરથી નકુચો તૂટેલો હોવાનો ફોન આવતાં જ ત્યાં જઈને તપાસ કરી હતી જેમાં રોકડ અને કાર ગાયબ થઈ જતા ચોરી થયાનું માલૂમ પડ્યું હતું.

આ પછી ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવી ફૂટેજ સહિતના આધારે તપાસ શરૂ કરતા તસ્કરની ઓળખ થઈ ગઈ હતી અને આ ચોરીને અંજામ ફેક્ટરીના ભાગીદારે જ આપ્યો હોવાનું સામે આવતા તેને પકડી લેવામાં આવ્યો હતો. ધરપકડ બાદ ભાગીદારે એવી કબૂલાત આપી હતી કે તે ભાગીદાર દિક્ષીત પાસે ઘણા લાંબા સમયથી પૈસા માંગી રહ્યો હતો પરંતુ ચૂકવણું થઈ રહ્યું ન હોય આખરે તેણે ફેક્ટરીમાં ઘૂસીને રોકડ અને બોલેરો કાર લઈને રવાના થઈ ગયો હતો. આ ચોરી કર્યા બાદ તે ફેક્ટરીના માલિકને ફોન કરીને કહેવાનો પણ હતો કે તે બાકીનું ચૂકવણું કરી જાય અને કાર લઈ જાય...!

**કારખાનામાંથી ઘણા લાંબા સમયથી પૈસાનું ચૂકવણું ન થતાં ટેબલના ખાનામાંથી રોકડ તેમજ ડેલામાં પડેલી બોલેરો હંકારી ગયો હતોઃક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો**

# સુરતના ફલેટમાં ડ્રગ્સ બાબતે સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડો





## ડ્રગ્સ બનાવવાનું રો-મટીરિયલ્સ તેમજ મેફેડ્રોન ડ્રગ્સ કબજે કર્યું; છ પકાડાયાઃ એક વોન્ટેડ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સુરતના કઠોર ગામ ખાતેના ફલેટમાં પોલીસે છાપો મારી મેફેડ્રોન ડ્રગ્સ તેમજ ડ્રગ્સ બનાવવાના રો-મટીરીયલ્સ સાથે બેને પકડ્યા બાદ પુછપરછ પછી વધુ ચારને પકડ્યા હતા.

આ અંગેની મળતી માહિતી મુજબ સુરતના કઠોર ગામના માનસરોવર સોસાયટીના ફલેટમાં બાતમીના આધારે સ્ટેટ મોનીટરીગ સેલના પીઆઈ સીએચ પનારા, એમએસ ત્રિવેદી, પીએસઆઈ વસાવની ટીમે છાપો માર્યો હતો. પોલીસે ત્યાંથી રૂા.૧,૨૫,૩૦૦નું ૧૨.૫૩ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ, ૩ મોબાઈલ ફોન, ડ્રગ્સ બનાવવાનું રો મટીરિયલ્સ કબજે કર્યું હતું તેમજ કુલ રૂા. ૧,૬૩,૮૦૦ના મુદ્દામાલ સાથે ડ્રગ્સ બહનાવવાની કામગીરીમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ભાવનગરના મુનાફ ઉર્ફે મુન્નો કુરેશી અને સુરતના ઉમરાની શિવબંગલોઝ સોસાયટીમાં રહેતા કેતનભાઈ રફાળીયાને પકડયા હતા.

આ બન્નેની પૂછપરછ બાદ પોોલીસે ભાવનગરના નારણભાઈ ભરવાડ, સાહીલ હતી તેમજ એકની શોધખોળ હાથ ધરી હતી. ઉર્ફે બુજારી બેસીમ, શાહબાઝ ઉર્ફે સાબો સૈયદ અને ભાવનગર જિલ્લાના ફુલસર ગામના મેહુલભાઈ દેવાભાઈને પકડી વધુ તપાસ હાથ ધરીછે

# પિતરાઈ બહેન રિસામણે આવતા બે સાળા ઉપર બનેવી સહિત છ શખ્સોનો હુમલો

## ઈજાગ્રસ્ત યુવકના પિતાએ વેવાણને ફોન કરી સમાધાન કરી લેવાનું કહેતા થયેલા ઝઘડામાં બઘડાટી બોલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં સાળા ઉપબ બનેવી સહિત છ શખ્સોએ ધોકા-પાઈપથી હુમલો કરી મોબાઈલ તોડી નાંખી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રૈયાધારમાં સરકારી શાળા પાસે રહેતા ધના વશરામભાઈ બોળીયા (ઉ.વ.૨૫)એ યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મયુર ચાવડા, મેહુલ ચાવડા, સાગર ચાવડા, રવિ બોળિયા, રણછોડભાઈ અને હરીભાઈ ચાવડાના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેના મોટાબાપુ હમીરભાઈ બોળીયાની દિકરીના રિદ્ધિના લગ્ન મયુર ચાવડા સાથે થયા હતા અને રિદ્ધિ એક મહિનાથી રિસામણે આવી હતી.

દરમિયાન રાત્રે ફરિયાદીના પિતાએ રિદ્ધિબેનના સાસુ ગંગાબેનને ફોન કરી સમાધાન કરી લેવાનુ કહેતા તેઓ ફોનમાં બોલાચાલી કરવા લાગ્યા હતા જેથી ફોન કાપી નાંખ્યો હતો. બાદમાં આરોપીઓએ ઘરે પાસે આવી ઝઘડો કરી ફરિયાદોને ગાળો આપી લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. જેમાં ફરિયાદી અને તેના પિતરાઈ ભાઈ વિશાલ વેલાભાઇ બોળીયાને ઈજા થળ હતી. આ ઉપરાંત વિશાલના મોબાઈલનો કાચ તોડી નાંખ્યો હતો. દરમિયાન આસપાસના લોકોના ટોળા એકઠા થઈ જતા આરોપીઓ નાશી છૂટયા હતા અને જતા-જતા મયુરે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે યુનિવર્સિટી પોલીસે મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ આરોપીઓ વિરૂદ્ધ હુમલો-તોડફોડ અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં વ્યાજખોરો બેફામઃ વેપારીને ઉંચા વ્યાજે નાણાં આપી કરી પઠાણી ઉઘરાણી

## રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં ટાઈલ્સનો વેપાર કરતા ધંધાર્થીએ ૫% લેખે આઠ લાખ વ્યાજે લીધા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જિલ્લા ગાર્ડન પાસે નવી ઘાંચીવાડ શેરી નં.૧૪માં રહેતા અને રૂડા ટ્રાન્સપોર્ટનગર પાસે લાલજી મુળજી ટ્રાન્સપોર્ટ પાસે અક્ષર એન્ટરપ્રાઈઝ નામે ટાઈલ્સનો વેપાર કરતા ઈમરાન કરીમભાઈ શેખે એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેણે એક વર્ષ પહેલાં પૈસાની જરૂર પડતા મિત્ર ઈમરાન થકી દૂધની ડેરી પાસે રહેતા સલીમ અકબાણી પાસેથી આઠ લાખ રૂપિયા મહિને ૫% વ્યાજે લીધા હતા. પૈસાના બદલામાં સલીમે ઈમરાન પાસેથી ચેક પણ લીધા હતા. દર મહિને ઈમરાન સલીમને ૪૦,૦૦૦ રૂપિયા વ્યાજ ચૂકવતો હતો પરંતુ ચાર મહિનાથી ધંધો પડી ભાંગતા અને દેણું થઈ જતા વ્યાજ ચૂકવવા સક્ષમ રહ્યો ન્હોતો.

જેના કારણે સલીમ વારંવાર ઈમરાન શેખના ઘેર ધસી જઈ વ્યાજની પઠાણી ઉઘરાણી કરતો હોય ચેક મારફતે તેને દોઢ લાખ રૂપિયા ચૂકવ્યા હતા પરંતુ બાકીના રૂપિયાની સગવડ ન થતા સલીમે જાનથી મારી નાખવાની ધમકી આપતા તેની સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. એ-ડિવિઝન પોલીસે સલીમ અકબાણી સામે ગુનો દાખલ કર્યો હતો.

# ગોંડલમાં સજાતિય સંબંધનીના પાડતાં દારૂડિયાએ બીજા નશાખોરને માર મારી હાથ ભાંગી નાખ્યા

## હવસખોર શ્રમિક યુવકને ઘરે લઈ ગયા બાદ સાથે દારૂ ઢીંચ્યો અને પછી બબાલ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં મજુરી કામ કરી ઘરે પરત ફરતાં શ્રમિક યુવકને તેનો મિત્ર તેના રૂમ પર લઈ ગયો હતો. જ્યાં બન્નેએ સાથે દારૂ ઢીચયા બાદ નશામાં ભાન ભુલેલા મિત્રએ યુવક પાસે સજાતિય સંબંધની માંગણી કરી નિર્લજ હુમલો કર્યો હતો. યુવાને સજાતિય સંબંધ બાંધવાનો ઈન્કાર કરતાં મિત્રએ દારૂના નશામાં સાણસી વડે માર મારી હાથ ભાંગી નાખ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની વિગતો મુજબ ગોંડલમાં આવેલા માંડવી ચોકમાં રહેતો પિન્ટુ લછનભાઈ રાજભર નામનો ૩૦ વર્ષનો યુવાન સાંજના છએક વાગ્યાના અરસામાં પોતાના મિત્ર વિશાલના રૂમ પર હતો ત્યારે વિશાલે ઝઘડો કરી સાણસી વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગોંડલ પોલીસને જાણ કરતાં ગોંડલ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહેલા પિન્ટુ રાજભરની પુછપરછ કરી નિવેદન નોંધ્યું હતું. પ્રાથમિક પુછપરછમાં પીન્ટુ રાજભર અને હુમલાખોર વિશાલ બન્ને ઉત્તર પ્રદેશનાં વતની છે. પીન્ટુ રાજભર કડિયા કામ કરીને પોતાના રૂમ પર જતો હતો ત્યારે હુમલાખોર વિશાલ રસ્તામાં મળી જતાં પીન્ટુ રાજભરને પોતાના રૂમે લઈ ગયો હતો. જ્યાં બન્નેએ સાથે દારૂ પીધા બાદ નશામાં ભાન ભુલેલા વિશાલે મિત્ર પિન્ટુ રાજભર પાસે સજાતિય સંબંધની માંગણી કરી હતી. પીન્ટુ રાજભરે સજાતિય સંબંધ બાંધવાની ના પાડતાં ઉશ્કેરાયેલા વિશાલે સાણસી વડે માર મારી પીન્ટુ રાજભરનાં હાથ ભાંગી નાખતાં સારવ-ારમાં ખસેડાયો હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે ગોંડલ પોલીસે હોસ્પિટલના બીછાને સારવાર લઈ રહેલા યુવાને કરેલા આક્ષેપને પગલે તપાસનો દૌર લંબાવ્યો છે.